શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

RNI NO. 6304 / 62

# પંચોલી નવયુગ



માર્ચ-૨૦૧૬ અંક - ૩

વર્ષ ૫૪ સળંગઅંક ૪૩૯

માસિક કિંમત-૧૦/-રૂ.

વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂ.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી

સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# અભિનંદન....




**ચિ. રાધા સંજયભાઈ પંચોલી**
**M.B.A. (H.R.)**
**જન્મ તા. ૨૧.૦૨.૧૯૯૪**

## ઉકા તરસાડીયા યુનિર્વસીટી-બારડોલી

**M.B.A.(H.R.)** માં ઉત્તિર્ણ થવા બદલ હાર્દિક અભિનંદન..
જીવનની ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ...

**શુભેચ્છક**

શ્રી રમેશભાઈ ભીખુભાઈ પંચોલી-દાદા    શ્રીમતિ પુષ્પાબેન રમેશભાઈ પંચોલી-દાદી
શ્રી સંજયભાઈ રમેશભાઈ પંચોલી-પપ્પા    શ્રીમતિ અંજનાબેન સંજયભાઈ પંચોલી-મમ્મી
શ્રી દિનેશભાઈ રમેશભાઈ પંચોલી-કાકા    શ્રીમતિ અલોકીબેન દિનશભાઈ પંચોલી-કાકી
કુ. સુરભી દિનેશભાઈ પંચોલી-દીદી

મુ.પો. બાજીપુરા, તા. વાલોડ, જિ. તાપી.
ફોન : ૦૨૬૨૫-૨૩૩૩૨૩    મો. : ૯૧૭૩૩૪૨૦૨૪/૯૯૨૫૨૯૬૪૮૦

# ભાવભીની શ્રદ્ધાંજલી

## સ્વ. બાબુભાઈ રામભાઈ મપારા

**જન્મ : ૨૦.૧૦.૧૯૪૦ સ્વર્ગવાસ : ૨૩.01.૨017**

સૌને છોડી ગયા અને મીઠી યાદો મુકી ગયા.
જિંદગી છોડીને ગયા અને જિંદગી જીવવાનું શીખવી ગયા..
દુ:ખથી કદી હાર્યા નથી અને સુખથી કદી છલકાયા નથી.
નથી હયાત પણ સાથે જ છો.. કયારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરે છે..
યાદોમાં પ્રત્યક્ષ તમારા દર્શન થયા કરે છે..
તમારા અથાગ પરિશ્રમ દ્વારા સાંપડેલી પ્રગતિ, રિદ્ધિ-સિદ્ધિ અને
જીવનભરના શ્રમ યજ્ઞની ફલ સિદ્ધિ માટે સદાય તમારા ઋણી છીએ..

## અર્પણકર્તા

ગં.સ્વ. પુષ્પાબેન બાબુભાઈ મપારા
અમારા પ.પૂ. પિતાશ્રીને અમે અંતરથી શ્રદ્ધા સુમન અર્પણ કરીએ છીએ...

| | | |
|---|---|---|
| મનિષ બાબુભાઈ મપારા | નિલેશ બાબુભાઈ મપારા | અલ્પેશકુમાર જયંતભાઈ મિસ્ત્રી |
| દામિની મનિષ મપારા | ભાવના નિલેશ મપારા | અમિષા અલ્પેશકુમાર મિસ્ત્રી |
| જાનકી મનિષ મપારા | ધ્વનિ નિલેશ મપારા | ઋત્વુ અલ્પેશકુમાર મિસ્ત્રી |
| મનાલી મનિષ મપારા | હર્ષ નિલેશ મપારા | રિધમ અલ્પેશકુમાર મિસ્ત્રી |

૯, શ્રીનાથજી પાર્ક, અકોટા મ્યુનિસીપલ વોર્ડ નં.૬ ઓફિસ સામે, વીનસ હોસ્પિટલની બાજુમાં
જુના પાદરારોડ, વડોદરા. ૩૯૦ ૦૨૦ ફોન : ૦૨૬૫-૨૩૫૩૮૬૧ મો. ૯૪૨૯૨૬૩૦૭૦

*॥ સ્વામીનારાયણો વિજયતેતરામ ॥*

# નવયુગ શુભેચ્છક

## બાલકૃષ્ણ સાકેરલાલ જરીવાલા પરિવારના જય સ્વામિનારાયણ



અ.નિ. પુષ્પાબેન બાલકૃષ્ણ જરીવાલા બાલકૃષ્ણ સાકેરલાલ જરીવાલા

**અર્પણકર્તા**

યોગેશ બાલકૃષ્ણ જરીવાલા
સ્વ. દીપક બાલકૃષ્ણ જરીવાલા
મનિષ બાલકૃષ્ણ જરીવાલા
પ્રિયવ્રત દીપક જરીવાલા
શ્રી ઋત્વન યોગેશ જરીવાલા
હેમીલ મનિષ જરીવાલા
વિકાશ મનિષ જરીવાલા
રાજનભાઈ ઠાકોરભાઈ મિસ્ત્રી

અર્ચના યોગેશ જરીવાલા
ચુતી દીપક જરીવાલા
રશિમ મનિષ જરીવાલા
ઝેના પ્રિયવ્રત જરીવાલા
પ્રાયોશા દીપક જરીવાલા
ડિમ્પલ હેમીલ જરીવાલા
રેખાબેન રાજનકુમાર મિસ્ત્રી

ધર્માંગ પ્રિયવ્રત જરીવાલા
મયાસા પ્રિયવ્રત જરીવાલા

૪૦૨, ગોલ્ડનપાર્ક, સીટીલાઈટ રોડ, અશોક પાન સેન્ટર પાસે, સુરત.
ફોન : ૦૨૬૧ - ૨૨૫૪૫૨૨

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

માર્ચ-૨૦૧૬

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

## તંત્રી નોંધ.... દિનેશભાઇ એમ. મિસ્ત્રી

સુજ્ઞ જ્ઞાતિજનો,

કુશળ હશો....

વિદ્યાર્થી મિત્રો માર્ચ મહિનાથી શરૂ થાય પરીક્ષાની સીઝન.. બોર્ડની પરીક્ષાથી માર્ચ મહિનામાં પરીક્ષાના શ્રી ગણેશ થાય છે.. વિદ્યાર્થી મિત્રો મનથી અને તનથી શાંત રાખી પરીક્ષા આપશો.. વાલીઓને પણ નમ્ર વિનંતી કે બાળકોને બનતી હિંમત આપી વિશેષ દબાવ ના આપશો... આ સમય સાચવી લેવાની તક છે...

વિદ્યાર્થી મિત્રો શરૂ થતી HSC અને SSCની આપની પરીક્ષા સુખરૂપ સારી રીતે પતે અને સારા ક્રમાંકથી ઉત્તિર્ણ થાવ એવી હાર્દિક શુભેચ્છાઓ...

તા. ૧૯.૦૨.૨૦૧૭નો દિવસ સુવર્ણમય રહ્યો.. શ્રીમતિ મુકુતા મિસ્ત્રી પંચોલી અને તેમની ટીમે ઉડાન-૨૦૧૭નો એક સુંદર કાર્યક્રમ આપી સુરતમાં તો સુવર્ણ પીંછ ઉમેર્યુ છે સાથે સાથે મહામંડળની યશકલગીમાં પણ બીજુ સુવર્ણ પીચ્છ ઉમેરી... યુવાનો દ્વારા પ્રગતિનું સુંદર ઉદાહરણ પુરૂ પાડ્યું...

કાજલ ઓઝા વૈદ્યની કૌટુંબીક ભાવનાઓ અંગેનું પ્રવચન અને એમાં આપણું જ પ્રતિબિંબ નિહાળતા હોય એવું અનુભવ્યું. સુંદર વ્યકિતત્વ અને સુંદર પ્રવચન સૌએ પીન ડ્રોપ્સ સાયલન્સ થઇ સાંભળ્યું... સુંદર વકતા સાંભળવા મળ્યા...

સુંદર આયોજન, સુંદર વ્યવસ્થા અને સુંદર આગતાસ્વાગતા.જેટલા અભિનંદન સ્વયં ટીમને આપીએ એટલા ઓછા છે...

સ્વ. સી.ટી.સ્મારકનિધિએ જે બાળકોને સન્માન્યા એ બદલ એઓ પણ અભિનંદનના અધિકારી છે... પરંતુ જ્ઞાતિજનોની નિષ્ક્રીયતાથી એવા તો કેટલાય ચીથરે વીંટયા રત્નો હજી હશે...બીજીવાર નવયુગમાં જાહેરાત પ્રકાશિત થાય ત્યારે આવી પ્રતિભા તમારા ઘરમાં જ હોય તો તુરંત જાણ કરશો...

વ્યારા મુકામે તા. ૨૮.૦૫.૨૦૧૭ના રોજ યુવા પરિચય મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. એક જ સ્થળે વિવિધ યુવક-યુવતિને મળવાનો, પરિચય મેળવવાનો અમૂલ્ય અવસર છે. તો ઉંમર લાયક યુવક યુવતિઓ આ તક ગુમાવશો નહીં.. મમ્મી પપ્પાને પણ વિનંતી કે તમારા પુત્ર-પુત્રી ફોર્મ ભરવા માટે આનાકાની કરશે, તૈયાર થશે નહીં પણ સમજાવટથી

જરૂરથી ફોર્મ ભરાવશો..

એક મહિને સુરત, બીજા મહિને બરોડા કે પછી ત્રીજા મહિને મુંબઇ છોકરા-છોકરી જોવા જવાનું હોય તો કેટલી તકલીફ પડે.. ખર્ચાળ પડે.. આથી મહામંડળે આપના માટે ખૂબ જ સારી તક પુરી પાડી છે. તો આપણે આ તકનો જરૂરથી લાભ લઇએ... દરેક એકમના પ્રમુખ / મંત્રીને વિનંતી કે આપના એકમમાં આવા પરણવાલાયક યુવક-યુવતિ હોય તો એમને પ્રોત્સાહિત કરી ફોર્મ ભરાવશો...

નવસારી પંચના માજી પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રી તા. ૧૨.૦૨.૨૦૧૭ના રોજ દેવલોક પામ્યા... નવસારી પંચનું સુકાન ઘણાં લાંબા સમય સુધી સંભાળી નવસારી પંચનુ એક આગવું સ્થાન આપ્યું હતું... પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે તથા એમના સ્વજનો પર આવી પડેલ આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના...

## પ્રમુખ નોંધ.....

મનિષભાઇ એમ. પંચોલી - પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સુજ્ઞ જ્ઞાતિજનો,

વિદ્યાર્થી મિત્રો વાર્ષિક પરીક્ષાની તૈયારીમાં પડ્યા હશે, સૌ વિદ્યાર્થી મિત્રોને હાર્દિક શુભકામના પાઠવું છું. શાંત ચિતે પરીક્ષાઓ આપી સારા માર્કસ મેળવી પરીક્ષાઓમાં પાસ થઇ સારી કારકિર્દી બનાવો એવી શુભ કામના.

તા. ૧૦.૦૨.૨૦૧૭ નાં રોજ સુરત મુકામે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત સ્વયંમ સુરત આયોજિત ''ઉડાન-૨૦૧૭'' માણવાનો અવસર મળ્યો, ખુબ જ સારી અને સુંદર કામગીરી સુરતની યુવા સ્વયંમની ટીમ ધ્વારા જોવા મળી, હું સ્વયમ સુરતના શ્રીમતી મૃદુતા પંચોલી તથા ટીમ સુરતને હાર્દિક અભિનંદન પાઠવુ છું. ઉડાન - ૨૦૧૭ માં સુરત, વ્યારા, વડોદરા અને બિલીમોરાની ટીમ ધ્વારા સુંદર કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા તમામ ભાગ લેનાર યુવા મિત્રો ને હાર્દિક અભિનંદન પાઠવું છું. કિ નોટ સ્પીકર શ્રીમતી કાજલબેન વૈદ્ય ઓઝા ધ્વારા સમાજ ઉપયોગી વકતવ્ય રજુ થયુ ખૂંબ જ સુંદર વકતવ્ય, દરેક માણસો એ પોતાના જીવનમાં ઉતારવા જેવુ કાર્ય. ફરી હું સુરત ટીમના તમામ કાર્યકરો તથા આ કાર્યક્રમોમાં પોતાનો આર્થિક સહયોગ આપનાર તમામ દાતાઓનો હાર્દિક આભાર માનુ છું. આવા કાર્યક્રમો વર્ષમાં બે વાર થવા જોઇએ જેથી સમાજ સંગઠીત થાય. વિશ્વમાં તમાકુ-દારૂ જેવા વ્યસનોને કારણે વર્ષે લાખો નાગરીકો મૃત્યુ પામે છે. આના કારણે કુટુંબના મુખ્ય માણસ જયારે મૃત્યુને પામે છે ત્યારે તેના કુટુંબની હાલત ઘણી જ ખરાબ થઇ જાય છે. આપણો સમાજ વ્યસન મુકત સમાજ બને તે માટે યુવા મિત્રો તથા મહિલા મંડળની બહેનો આગળ આવે અને આપણા સમાજને વ્યસન મુકત સમાજ બનાવવામાં પોતાનો ફાળો પ્રદાન કરે એવી વિનંતી કરૂ છું.

આગામી ડિસેમ્બર-૨૦૧૮ માં ક્રિકેટ સ્પર્ધા સુરત મુકામે યોજાનાર છે. દરેક ટીમો પોતાની સ્પર્ધા માટેની પ્રેકટીસ ચાલુ રાખે અને સુંદર ક્રિકેટ સમાજના દરેક સભ્યોને માણવા મળે એવા પ્રયાસો થાય, સુરતનાં શ્રી મુકેશભાઇ, શ્રી ઉમેશભાઇ તથા ટીમ સુરત પણ સુંદર આયોજન કરે એવી વિનંતી કરૂ છું.

વ્યારા મુકામે તા. ૨૮.૦૫.૨૦૧૭ના રોજ યુવા પરિચય મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તો ઉંમર લાયક યુવક યુવતિઓ આ તક ગુમાવશો નહીં.. અને મોટી સંખ્યામાં યુવક-યુવતિઓ ભાગ લે એવી વિનંતી..

નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/-નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડિકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીએ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઇને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ.. જેમણે સ્વર્ણિમ ફંડમાં ૫ વર્ષ માટે રકમ નોંધાવી હોય તેમણે આ વર્ષની રકમ મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જમા કરાવવા વિનંતી.

અસ્તુ.

# શ્રધ્ધાંજલી





## સ્વ. શ્રી દિનેશચંદ્ર જમનાદાસ મિસ્ત્રી

જન્મ:૨૩-૨-૧૯૪૭ સ્વર્ગવાસ:૧૨-૨-૨૦૧૭

આપનું નામ લેવાની સાથે એક નિષ્ઠાવાન વ્યકિતત્વ, એક ઉમદા માર્ગદર્શક એક વિરલ પ્રમુખનું ચિત્ર ઉપસી આવે છે.

નવસારી એકમમાં જયારે શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ કાર્યરત હતું ત્યારે સમાજમાં ફકત વિધાર્થીઓને નોટબુકની સહાય આપવા પુરતું જ વરસમાં એકાદ વાર સમાજના સભ્યો ભેગા થતા હતા, ત્યારે શ્રી દિનેશભાઈના પિતાશ્રી જમનાદાસભાઈ પ્રમુખ પદે હતા, તેમની જગ્યાએ જયારથી શ્રી દિનેશભાઈ પ્રમુખ સ્થાને આવ્યા ત્યારથી તેઓ અત્યંત ઉત્સાહથી કાર્ય કરતા હતા, જયારે શ્રી નવસારી પંચોલી સમાજનું મકાન બનાવવાનું હતું ત્યારે પણ એ મકાન અંગેની કાનુની કાર્યવાહીમાં શ્રી દિનેશભાઈએ ઘણી જ મહેનત કરી હતી, અને જયારે સમાજ તરફથી યુવાનોને આગળ લાવવા માટેનું સુચન કરવામાં આવ્યું હતું ત્યારે નવસારી સમાજમાં એકરાગે મારા નામની (શ્રી દિપક નટવરલાલ મિસ્ત્રી) મંત્રી તરીકે ભલામણ કરી હતી, ત્યારે હું પણ સમાજમાં કોઈપણ હોદદા પર કે કારોબારીમાં ન હતો, આથી શ્રી દિનેશભાઈને જણાવ્યું કે મને સમાજના કાર્યોનો અનુભવ નથી અને હું નહીં કરી શકીશ ત્યારે તેમણે એક માર્ગદર્શક બની જણાવ્યું કે આ કમીટીમાં બધાજ યુવા કાર્યકરો લેવાના છે, અને સમાજના દરેક કાર્યમાં હું તો તમારી સાથે જ છું, એમના નેતૃત્વમાં સમાજના કારોબારીમાં સૌપ્રથમ વખત બધાજ યુવા કાર્યકરો જોડાયા હતા, તેઓ નવસારી સમાજમાં અત્યાર સુધી ટ્રસ્ટી તરીકે પણ ઘણીજ સરસ સેવા આપી હતી, અને તેઓ ફકત ટ્રસ્ટી તરીકે કાર્યરત હતા ત્યારે પણ તેઓએ પ્રમુખ મંત્રીને પણ યોગ્ય માર્ગદર્શન પૂરૂ પાડયું હતું, અને કોઈ કાર્યમાં અમોને ખ્યાલ આવતો ન હોય તો અમો એમની પાસે જ પહોંચી જતા, તેઓ દરેક વખતે સમાજના કાર્યમાં રસ લઈ કાર્યરત રહેતા હતા, મને યાદ છે કે તેઓની તબિયત એટલી સારી ન હોવા છતા પણ સમાજ પ્રત્યેની લાગણીના કારણે તેઓ ગયા વરસની સામાન્ય સભામાં પણ હાજરી આપી હતી, આ એમની સમાજ અને અમારી સાથેની આખરી મીટીંગ બની રહેશે એવું લાગતું ન હતું.


પણ ઈશ્વરને ગમે તે ખરૂં શ્રી દિનેશભાઈ તમો હંમેશા પ્રગતિશીલ વિચારો દ્વારા હંમેશા સમાજના દરેક વ્યકિતના મનમાં હાજર રહેશો, તમારી હાજરીની ખોટ પુરી શકાય એવી નથી પણ સત્ય તો સ્વીકારવું જ પડશે.

::: અર્પણકર્તા :::

**શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ, નવસારી**

શ્રી દિપકભાઈ નટવરલાલ મિસ્ત્રી (પ્રમુખશ્રી) શ્રી જતિન વિક્રમભાઈ મહેતા (મંત્રીશ્રી)
શ્રી દિપેશ ગીરીશભાઈ પંચોલી (સહમંત્રીશ્રી) શ્રી સમીર જયંતિભાઈ પંચોલી (ખજાનચીશ્રી)

**તથા શ્રી નવસારી પંચોલી જ્ઞાતી પંચ, ટ્રસ્ટી મંડળ અને સમાજના સભ્યો વતી આપને શ્રધ્ધાંજલી અર્પણ**



# Happy First Birthday

## To : NYVAN

### Birth Date : 07-01-2016

ફૂલોની જેમ ખીલતું અને મહેંકતું રહે સદા
નિવાનનું જીવન
એજ અમો સહુની જન્મ દિવસ પર
હાર્દિક શુભેચ્છા..
સહ શુભેચ્છાઓ....



પંચોલી મુકેશ એ.
પંચોલી હિરણ એમ.
પંચોલી પ્રશાંત એમ.
પંચોલી જાગૃતિ પી.
ચિ. દીધિતિ
'ઘરાંત' ૧૨ સોમનાથ સો.
મુ.પો.તા. બોડેલી,
જિ. છોટાઉદેપુર
મો. ૯૪૨૭૩૪૩૭૪૮
૯૪૨૯૮૨૬૭૪૮

મિસ્ત્રી કૌશલ પ્રમોદભાઈ
મિસ્ત્રી વૈશાલી કે.
મિસ્ત્રી હેમ (વીકી)
ગોરેગાંવ - વેસ્ટ
મો. ૯૯૩૦૩૬૪૭૩૦

મપારા મયૂર વિજયભાઈ
મપારા ડો. ભાવિકા એમ.
મપારા પ્રીશા એમ.
ગોત્રી-વડોદરા
મો. ૯૮૭૯૫૨૫૩૦૧

પંચોલી હસમુખભાઈ વી.
પંચોલી ભાવના એચ.
પંચોલી કેતુલ એચ.
પંચોલી દિવ્યા કે.
પંચોલી રિયાંશ કે.
તેજગઢ, જિ. છોટાઉદેપુર
સોની પરીન ડી.
સોની સ્વીટી પી.
સોની દિયા & રિયાન
ઓસ્ટ્રેલીયા

## ષષ્ઠી-પૂર્તિ ઉજવણી વર્ષ અને
## અને હેપી મેરેજ ૩૯મી એનીવર્સરી



**પંચોલી મુકેશભાઈ અંબાલાલ-૯૬૮૭૬૯૯૮૩૧**
**જન્મ તા. ૩૦.૧૧.૧૯૫૧**



**પંચોલી હિરણબેન મુકેશભાઈ**
**જન્મ તા. ૨૨.૦૩.૧૯૫૬**

**મેરેજ એનીવર્સરી : તા. ૧૨.૦૩.૨૦૧૭.....૩૯ વર્ષ પૂર્ણ**

**ષષ્ઠીપૂર્તિ ઉજવણી**

પંચોલી પ્રશાંત એમ.
પંચોલી જાગૃતિ પી.
ચિ. દીધિતિ પી. પંચોલી
ચિ. નિવાન પી. પંચોલી
'ઘરાંત' બી-૪૦૧ સમર્પણપાર્ક સો.
વાઘોડિયારોડ, બાપોદ જકાતનાકા
વડોદરા

મિસ્ત્રી કૌશલ પ્રમોદભાઈ
મિસ્ત્રી વૈશાલી કે.
મિસ્ત્રી હેમ (વીકી)
ગોરેગાંવ - વેસ્ટ
મો. ૯૯૩૦૩૬૪૭૩૦

મપારા મયૂર વિજયભાઈ
મપારા ડો. ભાવિકા એમ.
મપારા પ્રીશા એમ.
ગોત્રી-વડોદરા
મો. ૯૮૭૯૫૨૫૩૦૧



**Misri Ankur Mistry**
**Birthdate : 22.02.2016**

## Happy First Birthday.....

*Your angelic smile and your innocent eyes support our faith in the fact that life is worth living despite all the troubles.*

Happy birthday,
"Misri"

**From:-**
Ankur Mistry Chaitali Mistry
Mumbai
Ravindra Mistry, Mayuri Mistry,
Tushar Mistry Krupa Mistry
Surat

Sundarlal Pancholi Nita Pancholi
Jecky Pancholi
Vadodara

# Shaadi.com



Name : Nainesh Ashokbhai Pancholi
Address : 20/1, Bhagirath Co. Op. Soc,
Chhani Jakat Naka, Vadodara - 390024
Mobile : 97243 85278, 94270 75636
Native : Chhotaudaipur.
Birth Date : 28 Sept, 1987
Height : 5'10"
Weight : 55 kg
Occupation : Sr. S/W Enggineer, Capgemini, Mumbai
Education : B.Com (MSU), M.Com (SP), CA Final Running.
E-mail : nap2809pancholi@gmail.com

## Family Background

Father : Ashokbhai Ramanlal Pancholi (Retired Govt. Employee)
Mother : Rekhaben Ashokbhai Pancholi (Housewife)
Sister : Neha Chirag Pancholi (Elder, Married)

## પાંચમી પૂણ્યતિથિએ
# હૃદયાંજલી

આટલી નાની વયે તારી મૃત્યુ સાથે દોસ્તી,
અરે પ્રભુ તમે કેમ બનાવી આટલી સસ્તી,
ભુલાશે નહીં તારી કદી પ્રેમાળ હસ્તી,
પછી ભલે પ્રભુ એ કરી હોય તારી સાથે જબરજસ્તી...
હે ! પ્રભુ અમારી તેજલના આત્માને પરમ શાંતિ આપજે
ચતુર્થ પૂણ્યતિથિએ અમારી હૃદયાંજલી

### અર્પણકર્તા

વિઠ્ઠલભાઇ છીતાલાલ પંચોલી   શર્મિષ્ઠાબેન વિઠ્ઠલભાઇ પંચોલી
ધનશ્યામ વિઠ્ઠલભાઇ પંચોલી   અલ્પાબેન ધનશ્યામભાઇ પંચોલી
દક્ષેશકુમાર વિઠ્ઠલભાઇ પંચોલી   ભાવિકાબેન દક્ષેશકુમાર પંચોલી
ચિ. હર્ષિત દક્ષેશકુમાર પંચોલી
શ્યામકુમાર સી. પંચોલી   ભાવિકાબેન એસ. પંચોલી
ચિ. નિધિ - મલ્હાર - નિધિર્શ

૨૮/૭, G.N.F.C. ટાઉનશીપ,
પો. નર્મદાનગર, ભરૂચ ૩૯૨ ૦૧૫   મો. ૯૮૯૮૭ ૫૪૫૪૦



**સ્વ. અ.સૌ. ડો. તેજલબેન દક્ષેશકુમાર પંચોલી**
જન્મ તા. ૨૬.૪.૧૯૮૩, દેહાવસાન : ૩૦.૩.૨૦૧૨



**સ્વ. ડો. તેજલબેન પંચોલી**
જન્મ : ૨૬.૪.૨૦૮૩ (હનુમાન જયંતિ)
અક્ષરવાસ. ૩૦.૩.૨૦૧૨ (દુર્ગાષ્ટમી)

# પાંચમી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી

દિવસો વિત્યા, પાંચમુ વર્ષ વિત્યુ, ૧૯૨૬ દિવસો પૂર્ણ થયા.
વર્ષો વર્ષ વિતી જાશે, છતાં યાદ તમારી હૃદયમાં અકબંધ રહેશે..જ
'તેજલ' બેટા તારો દેહ ભલે આ પૃથ્વી પરથી અદ્દશ્ય થયો
પણ, તારી યાદ, સ્મૃતિ, તારો નિ:સ્વાર્થ પ્રેમ, તારા બાળપણના
સંસ્મરણો ચિર:કાળ અમારી સાથે જ રહેશે.
બેટા તારી દરેક ક્ષણે અમને ખૂબ જ યાદ આવે છે. તારી ગેરહાજરી
અમને સતાવે છે. સારા પ્રસંગે તારી ગેરહાજરી વિરહની વેદનાથી
તરબોળ થઇ જઇએ છીએ..
રડી પડે છે આંખો અમારી જોઈને તસ્વીર તમારી,
દરેક પ્રસંગોમાં અટકે છે અમોને તારી ગેરહાજરી..
પાંચમી પૂણ્યતિથિએ અર્પણ કરીએ છીએ.. અમારા સૌની હૃદયાંજલી
આપના દિવ્ય આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે એજ
અમારા સૌની પ્રાર્થના...

**લિ. આપના જ**

શ્રી કનુભાઇ ચંદુલાલ પંચોલી   અ.સૌ. કુસુમબેન કે. પંચોલી
શ્રી બિજેશકુમાર કનુભાઇ પંચોલી   અ.સૌ. હિરલબેન બી. પંચોલી
ચિ. આર્ષ (આશુ) બી. પંચોલી-ચિ. નવ્યા બી. પંચોલી
ચિ. હર્ષિત ડી. પંચોલી
સી-૩૦, કમળાપાર્ક સોસાયટી, હરણી-વારસીયા, રીંગરોડ, વડોદરા

# Happy 14th Birthday Loving Shail



Shail Sanjay Pancholi

Birthday : 31.03.2017

*We all wish you Almighty. The God shower upon your lots of love, best of health of mind, body and your real on cern toward society.*

***From :***

*Sanjay papa - Milima Mammy*

*Vidhey*

B/5/302, Montvert Pristine. B/h. Khadki Rly St.
Off Aundh Road, Pune-411020
9822569751/09673006589/9850062399

*Jayesh Fuvaji-Nova foi*

*Bipindada-Naynadadi*

*Taraba*

D-5, Shivanipark Raw House,
Opp. Sanskar Bharti School, Adajan, Surat
98985 75025

# બીજી પૂણ્યતિથીએ હૃદયાંજલી



**કૈવલધામવાસી ચંપકલાલ ખુશાલદાસ પંચોલી**

**તા. ૦૨-૦૫-૧૯૩૨ ♦ ૧૨-૦૩-૨૦૧૫**

આપનો માયાળુ નિ:સ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના, પ્રેમ, દિર્ઘ દૃષ્ટિ અને ધાર્મિકવૃત્તિ, આપના સમગ્ર જીવનમાં કામ પ્રત્યેની કર્તવ્ય નિષ્ઠા, તનતોડ મહેનત કરવાના આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી. આપ લીલી વાડી મુકી કૈવલધામ વાસી થયા... પરમાત્મા આપના દર્શાવેલ પથ પર પદાર્પણ કરવાની અમો સૌને શકિત અર્પે એજ પ્રાર્થના..

## અર્પણકર્તા

ભરતકુમાર ચંપકલાલ પંચોલી આનંદીબેન ભરતકુમાર પંચોલી
પલક ભરતકુમાર પંચોલી
નિરવકુમાર નરેન્દ્રકુમાર પંચોલી નિધિ નિરવકુમાર પંચોલી
ચિ. દિઆ નિરવ પંચોલી
શ્રી ચંપકલાલ દામોદરદાસ ગાંધી
સ્નેહકુંજ કોલોની, વ્યારા. જિ. તાપી ફોન : ૦૨૬૨૬ - ૨૨૧૦૦૪

હરીશચંદ્ર ચંપકલાલ પંચોલી
રેખાબેન હરીશચંદ્ર પંચોલી
ચિ. ભાવિક હરીશચંદ્ર પંચોલી
નિતેશકુમાર એન. મોઢા
અલ્પા નિતેશકુમાર મોઢા
ચિ. કિઆન નિતેશકુમાર મોઢા
યુ.કે.

કનુભાઈ હિંમતલાલ પંચોલી
ચંદ્રિકાબેન કનુભાઈ પંચોલી
ચિ. પાર્થ કનુભાઈ પંચોલી
ચિરાગકુમાર વિજયકુમાર મપારા
શ્રુતિબેન ચિરાગકુમાર મપારા
ચિ. સવ્ય ચિરાગકુમાર મપારા
પાવી-જેતપુર

નવયુગ શુભેચિંતક શ્રી હરકીશનદાસ ઝીણાભાઈ પંચોલી વ્યારા શીવા ડાઈનીંગ સર્વિસ વ્યારા

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત**
**શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા,આયોજીત**

# -: યુવા પરિચય મેળો :-

**સ્થળ :- શ્રી પંચોલી જ્ઞાતિ સમાજની વાડી, જુના બસસ્ટેન્ડ પાસે,વ્યારા,જિ.તાપી.**
**ફોન નં. ૦૨૬૨૬-૨૨૦૪૯૦**
**તારીખ :- ૨૮.૦૫.૨૦૧૭ રવિવાર** **સમય :- સવાર ૯.૦૦ કલાકે.**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત તથા શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા આયોજિત ''યુવા પરિચય મેળા'' નું આયોજન તા.૨૮.૦૫.૨૦૧૭ ના રવિવારના રોજ સવારે ૮ કલાકે શ્રી પંચોલી વાડી વ્યારા ખાતે કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા સમગ્ર પંચોલી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓને નીચે જણાવેલ વિગતોને ધ્યાનમાં લઇ ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે... દરેક એકમના હોદ્દેદારો આ અંગે સક્રિય બની પોતાના એકમના યુવક-યુવતીઓને આ મેળાનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવા વિનંતી છે.

**: નોંધ :**

૧) ઉમેદવાર દીઠ **પ્રવેશ ફી ૧૦૦**/- તથા સાથે આવનાર **વાલીઓની વ્યકિત દીઠ ફી રૂા. રૂા. ૧૫૦**/- રાખવામાં આવી છે.

૨) **તા. ૩૦.૦૪.૨૦૧૭** સુધીમાં **ઉમેદવારનું ફોર્મ** તથા **ઉમેદવારની ફી** તથા ઉમેદવાર સાથે આવનાર વાલીઓની ફી **વ્યારા એકમ**માં મોકલવાની રહેશે.

૩) ભાગ લેવા માંગતા ઉમેદવારની **શૈક્ષણિક લાયકાત** ઓછામાં ઓછું **ધો. ૧૨ પાસ અથવા આઇ.ટી.આઇ., ડિપ્લોમા તથા કોઇપણ સ્નાતક થયેલ કે તેથી વધુ અભ્યાસ** હોવો જરૂરી છે.

૪) ઉમેદવારો પોતાના વર્તમાન **પાસપોર્ટ સાઇઝના ફોટા નંગ-૨**, તથા તેમના **અભ્યાસના પ્રમાણપત્ર**ના પુરાવા ફોર્મ સાથે મોકલવાના રહેશે.

**પત્ર વ્યવહાર અને ફોર્મ મોકલવાનું સ્થળ**

શ્રી પંચોલી સમાજની વાડી, જુના બસસ્ટેન્ડ પાસે, વ્યારા,જી.તાપી-૩૯૪ ૬૫૦
ફોન નં.૦૨૬૨૬-૨૨૦૪૯૦

પ્રમુખ : શ્રી હિતેશભાઇ પી. ગાંધી
મો.નં. : ૯૮૨૫૨ ૧૩૬૪૫
ઉપપ્રમુખ : શ્રી નવિનભાઇ વી. પંચોલી
મો.નં. : ૯૮૭૯૩ ૫૧૦૧૦
મંત્રી : શ્રી દિવ્યેશ કે. પંચોલી
મો.નં. : ૯૯૧૩૨ ૪૯૭૩૮
સહમંત્રી : શ્રી અંકિત એચ. પંચોલી
મો.નં. : ૯૭૧૨૫ ૧૨૩૩૩
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા

પ્રમુખ : શ્રી મનિષભાઇ એમ. પંચોલી
મો.નં. : ૯૮૨૫૨ ૭૫૦૨૩
મહામંત્રી : શ્રી રાજેશભાઇ ડી. પંચોલી
મો.નં. : ૯૮૭૯૫ ૪૭૪૬૯
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરિત
શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા,આયોજીત

# -: યુવા પરિચય મેળો :-

**સ્થળ :- શ્રી પંચોલી જ્ઞાતિ સમાજની વાડી, જુના બસસ્ટેન્ડ પાસે,વ્યારા,જિ.તાપી.**
**ફોન નં. ૦૨૬૨૬-૨૨૦૪૯૦**
**તારીખ :- ૨૮.૦૫.૨૦૧૭ રવિવાર** **સમય :- સવાર ૯.૦૦ કલાકે.**

## પ્રવેશપત્ર

૧) ઉમેદવારનું પુરેપુરૂ નામ : .....................................................

૨) જન્મ તારીખ : ............................ જન્મ સમય : ................ જન્મ સ્થળ : .....................

૩) ઉંચાઇ : .................... વજન : ................ બ્લડગૃપ : ............. મંગળ/શનિ : .....................

૪) શૈક્ષાણિક લાયકાત :......................................... અભ્યાસ ચાલુ /પુર્ણ : .................................

૫) ઉમેદવારનો વ્યવસાય/ધંધો/ખાનગીનોકરી/સરકારી નોકરી : ..........................................

૭) ધંધો/નોકરી કરતા ઓફિસનું નામ અથવા સરનામું : ..........................................

૮) ઉમેદવારની માસિક આવક રૂા. : ..........................................

૯) કુંવારા/છુટાછેડા/વિધુર છ/ વિધવા છો ? ..........................................

૧૦) પિતાનું નામ : ..........................................

૧૧) માતાનું નામ : ..........................................

૧૧) રહેઠાણનું સરનામું : ..........................................

૧૨) કુટુંબના સભ્યો : બેન :............... પરણિત : ...................... અપરણિત : ....................
ભાઇ :............... પરણિત : ...................... અપરણિત : ....................

૧૩) અન્ય વિગત : ..........................................

૧૪) આ સાથે રંગીન પાસપોર્ટ સાઇઝના ફોટા નં. ર (પાછળના ભાગે નામ લખી) મોકલું છું.

આથી હું ખાત્રી આપુ છું કે ઉમેદવારી તરીકે હું સંમેલન સ્થળે અચૂક હાજર રહીશ તથા મારો બેજ નંબર દેખાય તે રીતે ધારણ કરી રાખીશ.

૧૫) અમારા વિવાહિક સંબંધ થયાની વિગતવાર જાણ હું પંચોલી જ્ઞાતિ સમાજ,વ્યારાને જરૂરથી કરીશ તેની ખાત્રી આપું છું.

સ્થળ :

તારીખ :

વાલીની સહી ઉમેદવારની સહી.

## બીલીમોરા સ્વયમ યુવા સંગઠન

ફેબ્રુઆરી માસની સ્વયં યુવા સંગઠન તથા બીલીમોરા પંચોલી મહિલામંડળની સંયુક્ત સામાન્યસભા પ્રમુખ શ્રીમતિ શોભાબહેનના નિવાસસ્થાને રવિવાર તા.૨૬ ફેબ્રુઆરી ના રોજ મળી હતી.

સૌ પ્રથમ સર્વે બહેનોએ યુવામિત્રોને તેમના ઉડાન ૨૦૧૭ ના કાર્યક્રમ માટે અભિનંદન આપ્યા હતા અને ભવિષ્યમાં પણ આજ રીતે બીલીમોરા એકમનું નામ મહામંડળ ક્ષેત્રે રોશન કરતાં રહે એવી આશા વ્યક્ત કરી હતી. સૌ યુવામિત્રોએ પોતે પ્રગતિ કરતાં રહેશે એવી ખાતરી આપી હતી.

ત્યારબાદ મહિલામંડળ તરફથી ઉડાન ૨૦૧૭ ના કાર્યક્રમ માં ભાગ લેનાર સર્વે કલાકાર મિત્રોનું પુષ્પગુચ્છ અને ભેટથી સન્માન કરવામાં આવ્યું હતું. સૌ એ તાળીઓના ગડગડાટ થી યુવા મિત્રોને વધાવી લીધા હતાં. મહિલામંડળના પ્રમુખશ્રી શોભાબેને તથા મંત્રીશ્રી ઉર્મિલાબેને યુવામિત્રોને જીવનમાં પ્રગતિ કરવા માટે સમયનો સદ્દપયોગ કરવાની અને સમાજને ઉપયોગી કાર્યો કરવાની શીખ આપી હતી.

ત્યારબાદ યુવા સંગઠને આગામી સમયમાં કયા કયા કાર્યો કરી શકાય તેની ચર્ચા કરી હતી.યુવા મિત્રોએ સંગઠનમાં તથા મહિલાઓએ મહિલા મંડળમાં નાની મોટી ભેટ આપી હતી.એપ્રિલ મહિનામાં સર્વેની પરીક્ષા પતી જાય પછી એક પર્યટનનું આયોજન કરવાની તૈયારી બતાવી હતી. અંતે અલ્પાહાર અને શરબત ને ન્યાય આપી સૌ છૂટા પડ્યા હતા.

## દીકરી.....



દીકરી મારી વ્હાલનો દરિયો.. આજ છોડીને જાય..
એના સાસરીયે સુખથી રહેજે.. સહુના દિલ તોડીને જાય..
એની યાદમાં અશ્રુ ટપકે, અંતરમાં વેદના ઉભરાય...
બાળપણનાં સાચવેલાં રમકડાં.. જોઈ જોઈ હૈયુ વલોવાય..
પા..પા.. પગલી ભરતી દીકરી આજ પરણીને સાસરે જાય..
દોડીને લાકડી લાવતી લાડકી.. હવે કોણ કરશે મુજને સહાય..
તુજબાળપણ સપના સમ વિત્યું.. કળીમાંથી ફુલ બની ફોરમ પાથરી ગઈ..
તીતલી સમ ઉડતી મારી લાડકી.. દાદાના જીવનમાં ઉદાસી ભરી ગઈ..
કાળજા કેરો કટકો મારો.. આજ વિખુટો પડી જાય
દિલમાં સ્નેહનો દીપ ઝળહળે, એની જયોતિ ઝાંખી પડતી જાય..
આંગણે જોઈ કંકુના થાપા.. આવી ગઈ તારી યાદો..
અંતરના આર્શિવાદ આપુ લાડકી.. અંખંડ રહે તારો ચુડી-ચાંદલો

હરીશભાઈ સી. પંચોલી-સુરત

રજી. નં.: A/1822 ભરૂચ

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

સ્થાપના વર્ષ-૧૯૬૨(રજી. નં. એ/૧૮૨૨/ભરૂચ)

# સ્વ. સી.ટી.સ્મારક નિધિ

વ્હાલા વિદ્યાર્થી મિત્રો

ધોરણ ૯ થી ૧૨ સુધી ભણતા દરેક વિદ્યાર્થી મિત્રો તથા તેમના વાલીશ્રીઓ...માટે

## કેરીયર ગાઈડન્સ પોગ્રામ

- ❖ કેરીયર એટલે શું ?
- ❖ ધોરણ ૧૦ અને ૧૨ ફેમીલી પ્રોજેક્ટ
- ❖ કેરીયર ડિઝાઈન કેવી રીતે કરશો ?
- ❖ સફળ કારકિર્દીના પરિબળો

એજ્યુકેશનીસ્ટ અને કાઉન્સેલર **ડો. રેખા મિસ્ત્રી**
કેરીયર ગાઇડન્સ પોગ્રામનું સંચાલન કરશે....

### સુરત

**તારીખ** : ૯.૦૪.૨૦૧૭, રવિવાર
**સમય** : સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦
**રજીસ્ટ્રેશન** : તા. ૩૧.૦૩.૨૦૧૭ સુધીમાં

### વડોદરા

**તા.** ૨૩.૦૪.૨૦૧૭, રવિવાર
**સમય** : સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦
**રજીસ્ટ્રેશન** : તા. ૧૫.૦૪.૨૦૧૭ સુધીમા

**ઉપરોકત પોગ્રામ વિના મૂલ્યે રાખવામાં આવેલ છે..**
**આપના નામ અને કોન્ટેકટ નંબર સ્વ. સી.ટી.સ્મારકનિધિના અધ્યક્ષશ્રી તથા મંત્રીશ્રીને નોંધાવવા**

સી.ટી.સ્મારકનિધિ-અધ્યક્ષ
**શ્રી ધવલકુમાર જયંતિલાલ પંચોલી**
૩૦૩, યોગીપાર્ક, બિલ્ડીંગ-૮, સ્વામિનારાયણ મંદિર
પાસે, અડાજણ, સુરત ૩૮૫ ૦૦૯
મો. ૯૮૨૪૭ ૦૧૨૩૭

સી.ટી.સ્મારકનિધિ-મંત્રી
**શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી**
૩૩, દેવદીપ સોસાયટી, સરગમ શોપીંગ
સેન્ટર સામે, પારલે પોઈંટ-સુરત ૩૯૫૦૦૭
મો. ૯૮૨૫૦ ૮૧૩૫૯

### નિમંત્રક

| | | |
|---|---|---|
| શ્રી મનિષભાઇ એમ. પંચોલી | - | પ્રમુખ શ્રી પંચોલી સેવા મહામંડળ |
| શ્રી હેમંતભાઇ સી. મિસ્ત્રી | - | ઉપપ્રમુખ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ |
| શ્રી મુકેશભાઇ પી. પંચોલી | - | ઉપપ્રમુખ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ |
| શ્રી રાજેશભાઇ ડી. પંચોલી | - | મહામંત્રી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ |
| શ્રી દેવાંગભાઇ પી. પંચોલી | - | સહમંત્રી શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ |
| શ્રી ધવલકુમાર જે. પંચોલી | - | અધ્યક્ષ સ્વ. સી. ટી. સ્મારકનિધિ |
| શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી | - | મંત્રી સ્વ. સી. ટી. સ્મારકનિધિ |

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** સંચાલિત

સ્થાપના વર્ષ-૧૯૬૨(રજી. નં. એ/૧૮૨૨/ભરૂચ)

# સ્વ. સી.ટી.સ્મારક નિધિ

સ્વ. સી. ટી. સ્મારક નિધિ તરફથી અભ્યાસ ઉપરાંત બીજી કોઇ ઈત્તર પ્રવૃત્તિ કરતા વિદ્યાર્થી મિત્રોને પ્રોત્સાહિત કરવા માટે એક અપીલ કરવામાં આવી હતી. અને તેવા મિત્રોને ઉડાન-૨૦૧૭મા સન્માનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું

**સુરતના મિતાલી કલ્પેશ આરીવાલા** - ભારત નાટયમ્ ગાંધર્વ મહાવિદ્યાલય ટ્રસ્ટ અમદાવાદ સંચાલિત પરીક્ષામાં પ્રથમ શ્રેણીમાં ઉત્તિર્ણ થયા...

**સુરતના રીયા પરેશભાઈ પંચોલી** - એલ.આઇ.સી. દ્વારાઆયોજિત ઈન્ટર સ્કુલ ડ્રોઇંગ સ્પર્ધામાં ધો. ૭માં ગોલ્ડ મેડલ મેળવ્યો.

**સુરતના નંદિની ધવલકુમાર પંચોલી**–લુડસ કોન્વેન્ટ હાઇસ્કૂલ તરફથી રાઇઝીંગ સ્ટાર એવોર્ડ ધો. ૧ થી ૧૨ સુધી કલચરલ એકટીવીટીમાં આગળ રહેવા બદલ.

**મુંબઈના કવીશ જીગર મિસ્ત્રી** – માર્શલ આર્ટ કરાટેની વલ્ડ ચેમ્પીઅનશીપમાં કુમટેમાં સલ્વિર મેડલ, મહારાષ્ટ્ર રાજયમાં ગોલ્ડ મેડલ મેળવી ૧૦ વર્ષની નાની ઉંમરમાં ૧૭ મેડલો અને ૪ ટ્રોફી મેળવવા બદલ.

**સુરતના ભવ્યા ધવલ પંચોલી** – સ્કૂલ કોમ્પીટીશનમાં પ્રથમ આવવા બદલ

**સુરતના કાવ્ય કલ્પેશ આરીવાલા**– વેસ્ટ પેનમાંથી બેસ્ટ બનાવે છે.

**બારડોલીના ઓમ જેસલ મિસ્ત્રી** - ઓલ ગુજરાત ખેલ મહાકુંભ કરાટે સ્પર્ધામાં અંડર ૧૪ કેટેગરીમાં બ્રોન્ઝ મંડળ પ્રાપ્ત કરવા બદલ

**સુરતના વેદાંસી સૌરભ પંચોલી** - વેસ્ટમાંથી બેસ્ટ એ.ટી.એમ. મશીન બનાવેલ છે...

ઉપરોક્ત વિદ્યાર્થીઓને મહામંડળના પ્રમુખ શ્રી મનિષભાઇ, મહામંડળના ઉપપ્રમુખ શ્રી હેમંતભાઇ, સ્વ. સી.ટી.સ્મારકના અધ્યક્ષ શ્રી ધવલભાઇ અને મંત્રીશ્રી નિશીકાંતભાઇના વરદ હસ્તે ઉત્કૃષ્ટ દેખાવ કરવા બદલ પુરસ્કૃત કરવામાં આવ્યા.

વ્હાલા વિદ્યાર્થી મિત્રો, શરૂ થઇ રહેલી વાર્ષિક પરીક્ષાઓ માટે તમને ***Best of Lucl***

સ્વસ્થ તન-મનથી પરીક્ષા આપશો.... અને યોગ્ય ક્રમાંક પ્રાપ્ત કરો એવી હાર્દિક શુભેચ્છાઓ...

સી.ટી.સ્મારકનિધિ-અધ્યક્ષ
**શ્રી ધવલકુમાર જયંતિલાલ પંચોલી**
મો. ૯૮૨૪૭ ૦૧૨૩૭

સી.ટી.સ્મારકનિધિ-મંત્રી
**શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી**
મો. ૯૮૨૫૦ ૮૧૩૫૯

# સ્વર્ણિમ ફંડ

**સ્વર્ણિમ ફંડમાં ચાલુ વર્ષ તેમજ ગત વર્ષના જે દાતાનાં પૈસા બાકી છે તે વહેલી તકે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના ખાતામા 02690100010065 IFSC CODE BARBO VYARAX' અથવા મહામંત્રી રાજેશભાઈ પંચોલીને મોકલી આપવા વિનંતી..**

રજી. નં.: A/1822/ભરૂચ

## પંચોલી સેવા સમાજ મહામંડળ

# શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના મિટિંગ

# અહેવાલ

## તા. ૨૨.૦૧.૨૦૧૭ રવિવાર, પંચોલી સમાજની વાડી

તા.૨૨/૦૧/૨૦૧૭ ના રોજ સમાજ સુરક્ષા માટે ભરાયેલ સામાન્ય સભાની ઠરાવની યાદી. સમાજ સુરક્ષાની આજની સામાન્ય સભામાં ૯૪ સભ્ય જુદા જુદા ગામમાંથી હાજરી આપી છે.

સભાની શુભ શરૂઆત આનંદીબેને ગણપતી વંદનાથી કરી. ત્યારબાદ સમાજ સુરક્ષાના અધ્યક્ષ નવીનભાઈ પંચોલી એ મહામંડળના પ્રમુખશ્રી મનિષભાઈ એમ. પંચોલી અને રાજેશભાઈ ડી. પંચોલી, ઉપપ્રમુખશ્રી હેમંતભાઈ મિસ્ત્રી તથા સમાજ સુરક્ષાના માજી અધ્યક્ષ શ્રી પ્રશાંતભાઈ અને ડૉ.મહેશભાઈ તેમજ ભરતભાઈ પંચોલી, નિતિનભાઈ ગાંધી તેમજ જુદા જુદા ગામો વ્યારા, નવાપુર, બારડોલી, બીલીમોરા, નવસારી, સુરત, ભિલાડ, અંકલેશ્વર, રાજપીપલા, પાવી જેતપુર, તેજગઢ વિગેરેથી પધારેલ સભ્યોને આવકાર્યા.

૧૯૯૪-૯૫ થી શરૂઆત થયેલી સમાજ સુરક્ષાની માહિતી શ્રી નવીનભાઈ વી. પંચોલીએ આપી જેના આધારે નીચે મુજબના નિર્ણયો લીધા.

(૧) સમાજ સુરક્ષા યોજનાની વ્યાજની આવકમાં જે કઈ ઈન્કમ ટેક્ષ ભરવાનો થાય તે ચર્ચાના અંતે ભરવાનું નકકી કરવામાં આવ્યું.

(૨) સમાજ સુરક્ષા યોજનાનું વળતર જે રકમ હાલમાં નિયમ પ્રમાણે ચુકવણી કરવી એવું તેમજ વાર્ષીક ફાળાની રકમ મરણ દીઠ રૂા. ૨૫=૦૦ પ્રમાણે નકકી કરવામાં આવ્યું.

(૩) સમાજ સુરક્ષા યાજનામાં સભ્યના વારસદાર માટે એપ્રિલ ૨૦૧૭ માં જે ફોર્મ નવયુગમાં છાપવામાં આવે તે દરેક સભ્યોએ પોતાના વારસદારની નવેસરથી નીમણુક કરી ફરી ફરજીઆત સમાજ સુરક્ષાના મંત્રી નવીનભાઈ સી. પંચોલીને મોકલવાની રહેશે.

(૪) આન્તરજ્ઞાતિ લગ્ન કરનાર યુવતીની સભ્યપદ અંગેની ચર્ચામાં સમાજ સુરક્ષા યોજનામાં સભ્યપદ ધરાવતી યુવતિઓ અન્ય કારણોસર આન્તરજ્ઞાતિમાં લગ્ન કરે તો તેમના વાલીની સંમતિ હશે તો જ સમાજ સુરક્ષા યોજના સભ્યપદે ચાલુ રહેશે. વાલી એ અંગેની જાણ સમાજ સુરક્ષા અધ્યક્ષશ્રી/મંત્રીશ્રીને લગ્નની તારીખના ૬ માસમાં કરવાની રહેશે. સભ્યપદ ધરાવતી છોકરીના વારસદાર તરીકે સમાજ સુરક્ષા યોજનાની વળતરની રકમ વાલી અથવા તેના પુત્રને આપવામાં આવશે. આ નિર્ણય ફકત સમાજ સુરક્ષા યોજના પુરતો જ મર્યાદિત અને બંધનકર્તા રહેશે.

(૫) વહીવટી અને ઈન્કમટેક્ષના પ્રશ્નોને ધ્યાનમાં લઈ સમાજ સુરક્ષા યોજના ચાલુ રાખવી કે નહી તે અંગેની ચર્ચામાં આ યોજના જેમ છે તેમ ચાલુ રાખવી અને વળતર પણ તેમજ ચુકવવું અને વાર્ષિક ફાળો પણ જેમ છે તેમ જ લેવો. વધુમાં સમાજ સુરક્ષા યોજના આવતો ઈન્કમટેક્ષ ભરપાઈ કરવો અને વધુ વ્યાજ મળે અને ઈન્કમટેક્ષમાં ફાયદો થાય એ હેતુ ધ્યાનમાં લઈ સમાજ સુરક્ષા યોજાનાના કુલ ભંડોળના ૨૦% ટકા રકમ મ્યુચલ ફંડમાં રોકાણ કરવાની સત્તા હોદેદારોને આપવામાં આવે છે. વધુમાં પંચોલી સેવા સમાજ મહામંડળથી અલગ સમાજ સુરક્ષા યોજનાને A.O.P. માં રજી. કરવાની કામગીરી કરવા માટે તથા તે અંગેના નિર્ણયો લેવાની સત્તા નીચે મુજબના સભ્યોને આપવામાં આવે છે.

૧) મનીષભાઈ એમ. પંચોલી
૨) હેમંતભાઈ મિસ્ત્રી
૩) નવીનભાઈ વી. પંચોલી
૪) ડૉ. મહેશભાઈ મિસ્ત્રી
૫) ભરતભાઈ સી. પંચોલી

(૬) નવા સભ્ય દર વર્ષે દાખલ કરવા બાબત ૨૦૧૭-૧૮ વર્ષમાં ૩૧/૦૩/૨૦૧૮ સુધી સભ્યો બનનાર માટે નીચે મુજબની યોજના નકકી કરવામાં આવી.

૧) ૩ વર્ષ થી ૧૦ વર્ષ સુધીના સભ્યો બનનારને દાખલ ફી માટે મુકતી આપવામાં આવી છે. (વાર્ષિક ફાળો આપવો)
૨) ૧૧ વર્ષથી ૨૦ વર્ષ બનનાર સભ્યો માટે રૂા.૩૦૦=૦૦ અને ૨૧ થી ઉપરના વર્ષ માટે છે તે જ રાખવી.

(૭) જે એકમ સમાજ સુરક્ષા યોજનામાં ૧૦ થી ૨૫ સુધી સભ્યો બનાવે તેને રૂા.૫૦૧/- ના પ્રોત્સાહક ઈનામ અને ૨૬ થી ૫૦ સભ્યો બનાવે તેને રૂા.૧૦૦૧/- પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે. ૫૧ થી ઉપર સભ્યો બનાવનારને રૂા.૧૫૦૧/- પ્રોત્સાહક ઈનામ આપવામાં આવશે.

**શ્રી નવિનભાઈ વી. પંચોલી-અધ્યક્ષ**
**શ્રી નવિનભાઈ સી. પંચોલી-મંત્રી**
**શ્રી રાજશભાઈ પી. ગાંધી-સહમંત્રી**
**સમાજ સુરક્ષા યોજના**

# પરીક્ષા....એક ઉત્સવ

ધો. ૧૦ અને ૧૨ના વર્ષ જીવનમાં કારકિર્દીના મુખ્ય પીલરો છે. જેના પર વ્યવસાયિક ઓળખની બિલ્ડીંગ ચણાતી હોય છે, ત્યારે ઉંચુ પરિણામ લાવવા માટે શાળા, ટયુશન.. શિક્ષકો અને વાલીઓનું ઉંચુ પરિણામ લાવવા દબાણ વધતું જ જાય છે.

જે વિદ્યાર્થી મિત્રો 'સ્વ દબાણ' (Self-Pressuve) નો અનુભવ કરે છે. ત્યારે સતત અનુભવાતી તાણથી વિચારોમાં અને નકારાત્મક લાગણીનો વધારો થાય છે. જે તમારી પરીક્ષા લક્ષી કાર્યક્ષમતામાં ઘટાડો કરે છે. પરિણામે સ્વભાવમાં ચિડિયાપણું, ચંચળતા, ગુસ્સો વગેરે વધતા ઘરમાં માતા-પિતા અને બાળક વચ્ચે સંઘર્ષો, ઉગ્ર વાતચીત અને વિવાદો વધતા જાય છે. ત્યારે માતા-પિતા તથા ઘરનાં કુટુંબીજનોએ તેમજ વિદ્યાર્થીએ પોતે પણ ઘરનું વાતાવરણ હળવું, તાણ રહિત કરવાનો પ્રયત્ન જરૂરી બને છે.

તો ચાલો જોઇએ, થોડીક તૈયારીઓ જે પરીક્ષાના સમયગાળાને ઉત્સવ અનુભવવામાં જરૂર મદદ કરશે...જ

પરીક્ષા એ સહિયારું પર્વ છે. વિદ્યાર્થી એનો મુખ્ય કર્તા છે. તો એને નૈતિક ભાવનાત્મક સધિયારો(simpathy) જતાવવો જરૂરી બને છે. જે વિદ્યાર્થીને પોતાનામાં પરીક્ષા માટેનો વિશ્વાસમાં વધારો કરે.

સમયપત્રકનો ચૂસ્તતા પૂર્વક અમલ કરવો જરૂરી બને છે.

મિત્રવર્તુળ, સગા-સ્નેહી શુભેચ્છાઓ પાઠવવા આવે ત્યારે નકારાત્મક વાતો ન કરો. નકારાત્મક અનુભવોનું વર્ણન ન કરો. આજના હાયટેકના યુગમાં સોશ્યલ મીડીયાનો ઉપયોગ કરી શુભેચ્છાઓ પાઠવી શકાય છે. જેથી વધુ પ્રમાણમાં શુભેચ્છા સાથે સલાહ સુચનો નકારી શકાય.

પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ નવી બોલપેનો થોડી થોડી વાપરી બાજુ પર મુકી દેવાની જેનો ઉપયોગ પરીક્ષામાં કરી શકાય. સાદી વજનમાં હલકી પેનો વાપરવાથી જ ઝડપથી લખી શકાય. તદ્દન નવી બોલપેનથી ડાર્ક અક્ષર તથા સ્પીડ આવતી નથી.

વિદ્યાર્થી મિત્રોને ખાસ અપીલ કે પરીક્ષાના દિવસો દરમ્યાન ગરમીના દિવસો હોવાથી લીકવીડ ખાસ લીંબુ શરબત જેવું સાથે રાખવાનું જેથી શકિત મળી રહે. તેમજ ખાવા-પીવામાં હલકો તથા પોષકતત્વો વાળો ખોરાક લેવાનું રાખવું.

વાસી ઠંડુ, તળેલું, તેમજ બેકરી પ્રોડકટથી દૂર રહેવું.

તન-મનને શાંત રાખવું.

સારા પરિણામો આવ્યા હોય એને યાદ કરીને મનનો ડર ઘટાડો.

પૂરતી ઉંઘ યાદશકિત તાજી રાખે છે.

વાંચન-મનન - સંકલન અને પુનઃઅવલોકન જરૂરી છે.

છેલ્લી ઘડીના વી.વી.આઇ.પી. કે આઇ.એમ.પી. પર બીલકુલ ધ્યાન ન આપો.

આખા વર્ષની મહેનત તેમજ છેલ્લા સમયની કાળજી ઉત્તમ પરિણામ તરફ દોરી જશે.

રોજ 'સ્વ'ને હકારાત્મક વિચારો આપો..

**વિદ્યાર્થીઓ તમે સુસજ્જ યોધ્ધાઓ છો, વિદ્યાર્થીઓ તમે લડાઈના દરેક પાઠો વ્યવસ્થિત રીતે શીખ્યા છો. તેમજ જીતવાના છો. તમારા નક્કી કરેલા ધ્યેયનેપહોંચવા માટે પ્રભુ આપ સૌને જોઈતી શકિતઓ આપે....**

આપ સૌના ઉજ્જવળ ભવિષ્ય માટે દિલથી હાર્દિક શુભેચ્છાઓ

ડો. રેખાબેન એન. મિસ્ત્રી

# દેવના દિધેલ




રાજપીપલા નિવાસી હિતેશકુમાર પંચોલીને ત્યાં પુત્રરત્ન પર્વનો જન્મ તા. ૧૭.૦૧.૨૦૧૭ના રોજ થયો.

માતા નિમિષાબેન

# નોટબંધી

શોભા કિશોર મિસ્ત્રી – બીલીમોરા



આ તિજોરીનો ભાર લાગે છે મને,
આંસુઓનો અવતાર લાગે છે મને,
નોટને મેં સાચવી'તી કેટલી,
એ હવે બેકાર લાગે છે મને.

હિતેશ આનંદપરા

નોટબંધી .... નોટબંધી .... નોટબંધી ....

૮ મી નવેમ્બર ની રાતે ૮ કલાકે માનનીય વડાપ્રધાનશ્રી ના સંબોધન સાથે જાણે પ્રલય ફેલાયો હોય તેવો લોકોમાં હાહાકાર મચી ગયો. તેને નામ મળ્યું નાણાંકીય સર્જિકલ સ્ટ્રાઈક.નોટબંધી નો નિર્ણય લેવા પાછળ નો શુભ હેતુ તો કાળાધન ને પર્દાફાશ કરવા નો હતો.પણ સામાન્ય પ્રજાજનને એનાથી આટલી બધી હાલાકી ભોગવવી પડશે એવો અંદાજ નહતો .

થોડી ગેરસમજ અને ઘણી બધી અવ્યવસ્થાને લીધે લોકોની બૂમાબૂમ શરૂ થઇ ગઈ. વારંવાર ના ફેરવાતા નિવેદનો ને લીધે પ્રજા મુંઝવણમાં પડી ગઈ.દેશમાં ધરબાયેલું કાળુંનાણું બહાર લાવવા અને આતંકવાદ ને મળતી આર્થિક સહાય બંધ કરવા તેમજ બનાવટી નોટોનો કારોબાર અટકાવવા મોદી સરકારે મોટા મૂલ્યની ચલણી નોટો પાછી ખેંચી લીધી. એમાં જનતાને પારાવાર મુશ્કેલી ભોગવવાનો વારો આવ્યો.

મધ્યમ વર્ગના શહેરી નોકરિયાત વર્ગે તો માત્ર સમયનો ભોગ આપવો પડ્યો પણ રોજનું પેટીયું રળતા અને જ્યાં બેંકો પોસ્ટ ઓફિસ નહોતી એવા વિસ્તારમાં રહેનારા ગ્રામવાસીઓની દશા કફોડી થઇ ગઈ હતી.

ચલણ બદલીના પરિણામ અંગે અર્થશાસ્ત્રીઓમાં જબરો મતભેદ પ્રવર્ત્યો . જુના અનુભવોના આધારે કહેવામાં આવ્યું કે આવા પગલાથી વધારેમાં વધારે ત્રણ ટકા સુધીનું કાળુંનાણું બહાર આવે છે .જ્યારે બીજા આશાવાદી વર્ગનું માનવું હતું કે આ પગલાથી અને શિક્ષાત્મક કાર્યવાહી ના જોખમોને લીધે કાળુંનાણું મોટા પ્રમાણમાં બેંકમાં જમા થશે અને કાયદેસર એ ચલણ વપરાશમાં આવશે. આ ચલણ બદલીને કારણે બધી ચુકવણી ચેક મારફત કરવી અને લેવડદેવડ માટે રોકડા નાણા નો વપરાશ ઘટાડવો એ ઉદ્દેશ પણ પાર પડી શકાશે . જેને લીધે ભારતીય અર્થતંત્ર વધુ આધુનિક બનશે.

ચલણ બદલીના રાજકીય પરિણામો પણ ગણત્રીમાં લેવાવા જોઈએ. આ પગલાથી મોટું નુકશાન ભોગવનારા કાળાબજારીયા, રુશ્વતખોરો અને નકલી નોટો છાપી દેશમાં આતંકવાદીઓ ને મદદ કરતા કટ્ટરવાદીઓ ને ઘણો જ મોટો ફટકો પડ્યો છે.આ પગલાના લાભાલાભ અત્યારની ચુંટણી માં દેખાશે એ ચોક્કસ અંતે.

તુષાર શુકલ કહે છે તેમ,
સાહેબે સાફ કરી નાખ્યા , સાહેબ
આ તો સાહેબે સાફ કરી નાખ્યા ,
અમે ટીપે ટીપે ભરેલા સરોવર, સાહેબ
આતો સાહેબે ખાલી કરી નાંખ્યા,
કહેતા'તા કરવાનું ભારતને સ્વચ્છ,
આ તો સૂપડાં સાફ કરીનાખ્યાં

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે વ્યારા શાખાની બેંક ઑફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં.

**02690100010065 IFC**

**Code BARBO VYARAX**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...

પ્રમુખશ્રી - મનિષભાઈ એમ. પંચોલી-વ્યારા

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા '**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર

**SB 014710003655 IFSC**

**code BKDN0210147**

માં જમા કરાવો અને

**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**

તંત્રી-દિનેશભાઈ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

# અવમૂલ્યન

પલ્લવી જે. મિસ્ત્રી-અમદાવાદ

પૌરાણિક કથામાં એક વાત આવે છે. મા પાર્વતી એકવાર નહાવા ગયા હતા ત્યારે બાળક ગણેશને ચોકી કરવાનું કહીને ગયા હતા. સંજોગવશાત તે જ સમયે ભગવાન શંકર તપ કરીને સ્વગૃહે પધાર્યા. માતૃભક્ત ગણેશે માતાની આજ્ઞા મુજબ એમને ઘરની અંદર જતા રોક્યા.

આજના જમાનામાં તો નહાવા માટે એવી અધતન ઓરડીઓ હોય છે કે એમાંથી જલદી બહાર આવવાનું મન થતું નથી. પરંતુ તે જમાનામાં બાથરૂમ જેવી સ્પેશીયલ ઓરડીઓ નહોતી. તે વખતે તો બાળકોને સ્કુલ જવાનું પણ ફરજીયાત નહિ હોય, એટલે મા પાર્વતીએ સોંપેલું કામ ગણેશજીએ પૂરી વફાદારી પૂર્વક નિભાવ્યું હશે.

બાળક ગણેશે ભગવાન શંકરને રોક્યા, નવાઈની વાત કે અંતર્યામી ગણાતા ભગવાન શંકર પણ પોતાના જ પુત્રને ઓળખી નહિ શક્યા. આજે પણ કયો બાપ પોતાના પુત્રને ઓળખી શકે છે? પણ સામાન્યજન ગુસ્સે થાય તો પોતાના પુત્રને તમાચો લગાવી દે, ભગવાન ગુસ્સે થયા તો દીકરાનું ડોકું (તલવાર થી કે ત્રિશુળથી) ઉડાવી દીધું.

પાર્વતી નહાઈને આવ્યા ત્યારે પુત્રનું કપાયેલું ડોકું જોતા જ કલ્પાંત કરવા લાગ્યા. પુરુષની સૌથી મોટી નબળાઈ એ જ કે એ સ્ત્રીના આંસુ જોઈ ન શકે. પાર્વતીના આંસુ જોઇને શંકર ભગવાનનો ગુસ્સો વરાળ થઈને ઉડી ગયો. રહસ્યસ્ફોટ થતા એમને પોતાની ભૂલ સમજાઈ.

ભૂલ સુધારવા તેઓ ત્યાંથી ચાલી નીકળ્યા. સામે હાથી મળ્યો તો એનું ડોકું ઉડાવી દીધું ને તે લઇ આવીને ગણેશજીના ધડ પર લગાવી દીધું ને ગણેશજીને સજીવન કર્યા. ભગવાને ભૂલ કરી એની સજા નિર્દોષ પ્રાણી હાથીએ ભોગવવી પડી. આજે આપણા પ્રધાનો ભૂલ કરે એની સજા પ્રજાએ અને ડોકટરો ભૂલ કરે એની સજા દર્દીએ ભોગવવી પડે છે.

કહેવાય છે કે જમાનો બદલાઈ ગયો છે, પણ જમાનો ક્યાં બદલાયો છે? તે વખતે જે ચાલતું હતું તે જ આ વખતે પણ ચાલે છે. ખોટો તમાચો માર્યાની ખબર પડે તો બાપ દીકરાને કેડબરી અપાવે છે, પ્રભુએ ગણેશજીને આશીર્વાદ આપ્યા, 'સૌ દેવોમાં સૌથી પહેલા તું પુજાઈશ.'

મને ન સમજાઈ હોય એવી એક જ વાત છે, 'પ્રભુએ ગણેશજીને જીવંત કરવા હાથીનું ડોકું શા માટે લગાડવું પડ્યું? ખુદ ગણેશજીનું કપાયેલું માથું પણ લગાડી શક્યા હોત ને?' ખેર ! કેટલાક પ્રશ્નોના કોઈ જવાબ નથી હોતા, આ પણ એમાંનો જ એક છે.

તમને થશે મેં આ વાર્તા શા માટે કરી, ખરુંને? તો વાત જાણે એમ બની કે એક ખુશનુમા સવારે મારા પતિદેવ નહાવા ગયા ત્યારે મને સૂચના આપતા ગયા, 'કોઈ મને મળવા આવે તો બેસાડજે, થોડીજ વારમાં આવું છું.' બરાબર એ જ સમયે એમના એક મિત્ર અનિલભાઈ એમને મળવા આવ્યા. એમને મેં ડ્રોઈંગરૂમમાં સોફા પર બેસવા કહ્યું અને તેઓ આનાકાની વગર બેસી ગયા એટલે શંકરજી સાથે ગણેશજીને થયો હતો એવો કોઈ અકસ્માત મારે એમની સાથે થયો નહીં. મારા પતિને મળવા આવેલા મિત્ર અનિલભાઈનું ગંભીર મુખવદન જોઇને મને ફાળ પડી. મેં સહાનુભુતિ પૂર્વક પૂછ્યું:

-અનિલભાઈ, શી વાત છે, કોઈ નજીકનું સગું વહાલું મારી ગયું છે?

-ના. એમને એકાક્ષરી જવાબ આપ્યો.

-એવું હોઈ તો સંકોચ ન રાખતા બોલી દેજો. તમારા ભાઈને કહું કે નહાવાનું બાકી રાખે, સ્મશાનથી આવીને એકવરા જ નહાવાનું રાખે. તમને તો ખબર જ છે કે આપણી સોસાયટીમાં પાણીની કેવી શોર્ટેજ છે તે.

-તમેય શું ભાભી, તમારી જ હાંક્યે રાખો છો. કહ્યું તો ખરું કે એવું કશું નથી.

-તો પછી આવું સાવ ઘુવડ જેવું મોં કેમ કરી નાખ્યું છે? નીલાબેન (એમના પત્ની) કઈ બોલ્યા તમને? એમણે તમને સવારની ચા નથી પાઈ? એમાં મૂંઝાવ છો શું મારા ભાઈ. આ દૂધ પડ્યું – અબઘડી ચા બનાવી લાવું. મૂવા દુધવાળા પણ કેવા થઇ ગયા છે, સારું દૂધ નથી આપતા, છોકરાઓ તો દૂધ પીવાની જ ના પાડે છે. લાવું ચા?

-ચા ને બા. મારે કઈ પીવું નથી.

-એમ શું કરો છો અનિલભાઈ, કહો નીલાબેન સાથે ઝઘડો થયો

છે?
-ના, એ તો બે દિવસથી પિયર ગઈ છે.
-ઓહોહોહો! લો, તો પછી ચહેરો ઉતરેલો કેમ છે?
-તમે છાલ નહીં જ છોડો, ભાભી. ચાલો કહી જ દઉં, તમને ખબર છે ત્રણ દિવસમાં બે વખત રૂપિયાનું અવમૂલ્યન થયું.
-એમાં રડવા જેવું શું છે? હજી તો થોડું જ અવમૂલ્યન થયું છે, થોડું તો બાકી છે. ૧૦૦ ટકા અવમૂલ્યન થઇ જાય તો પણ શું ફરક પડે છે?
-એટલે?
-એટલે એમ કે રૂપિયો એ રૂપિયો જ રહે નહિ, માત્ર સિક્કો કે કાગળિયું જ થઇ જાય. જેનાથી બાળકો રમત રમે.
-પણ રૂપિયા વગર બજારમાંથી ચીજ વસ્તુઓ શી રીતે લાવીએ?
-બાર્ટર સિસ્ટમથી.
-એ વળી શું?
-તમે મને ઘઉં આપો, બદલામાં હું તમને ચોખા આપું. મતલબ કે જેની પાસે જે ચીજ હોય તે અદલા બદલી કરે. રૂપિયાની જરૂર જ ન પડે.
-પણ મારા રૂપિયા શેરબજારમાં ફસાયા છે, એનું શું?
-ખોટું ન લગાડતા અનિલભાઈ, પણ તમને નીલાબેને પહેલેથી જ ખુબ વાર્યા હતા, કે રૂપિયા શેરબજારમાં ન નાખો. પણ તમે માન્યા જ નહિ. વાર્યા ન વળે તે હાર્યા વળે. શેરબજારને બદલે નીલાબેનના કહ્યા મુજબ મકાનમાં રૂપિયા રોક્યા હોત તો આજે તમારું મજાનું ઘર હોત.
-તે અમે ક્યા ફૂટપાથ પર રહીએ છીએ? ઘરમાં જ રહીએ છીએ ને? પોતાનું ઘર નથી તો શું થયું?
-શેરબજારમાંથી હાથ ખેંચો, નહિ તો ફૂટપાથ પર રહેવાનો વારો આવશે, અનુભાઈ.
-તમે ય શું આવી કાળવાણી ઉચ્ચારો છો, ભાભી?
-આ કાળવાણી નથી, ભવિષ્યવાણી છે. ત્રણ દિવસ પહેલા જ નીલાભાભી મળ્યા હતા, ખુબ રડતા હતા. મકાન માલિકના ટકટકારાની વાત કરતા હતા. તમે એમનું કઈ સાંભળતા નથી અને મનમાની કરો છો એવું પણ કહેતા હતા. હજીય સમય છે, ચેતી જાવ, અનુભાઈ.
-નીલાડીને મેં કેટલીય વાર કહ્યું કે ઘરની વાત બહાર ન કર, પણ એય માને તો ને? મકાનમાલિકની વાત તે ધ્યાન પર લેવાતી હશે? આંખ આડા કાન કરવાના.
-તમે કરો છો એમ જ, નહીં અનિલભાઈ?
-ચાલો ભાભી, હવે હું જાઉં.
-અરે, બેસોને. તમારા ભાઈ નાહીને આવતા જ હશે.
-ના ભાઈ ના. હવે જો હું અહીં વધુ વાર બેસીશ તો રૂપિયાની જેમ મારું પણ અવમૂલ્યન થઇ જશે.
-માણસોના મુલ્યો(નૈતિકતા) હવે ક્યા પહેલાના જેવા રહ્યા જ છે?
-એ વાત સાચી, અવમૂલ્યન થાય ત્યાં સુધી તો ઠીક પણ તમે તો નાબુદી સુધી પહોચી ગયા. હવે અહીંથી જવામાં જ મારી સલામતી છે. હું એમને ઓફિસમાં મળી લઈશ.
-જેવી તમારી મરજી, આવજો અનુભાઈ.

-આવજો ભાભી.

# હેપી બર્થડે...


ચિ.આરવ કેતુલભાઇ
પંચોલી-સંખેડા
તા.૨૮.૦૨.૨૦૧૨


ચિ. રુહી મિહિરકુમાર
મિસ્ત્રી-વ્યારા
તા.૨૭.૦૨.૨૦૧૬


ચિ. મીસરી અંકુરકુમાર
મિસ્ત્રી-મુંબઇ
તા.૨૨.૦૨.૨૦૧૬


ચિ. જીયા અંકુરકુમાર
પંચોલી છોટાઉદેપુર
તા.૨૭.૦૨.૨૦૧૪

# સંસ્થા સમાચાર

## પંચોલી જ્ઞાતિ સમાજ, વ્યારા

તા. ૦૧.૦૧.૨૦૧૭ના રોજ શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ઇનામ પારિતોષક કાર્યક્રમ દરમ્યાન નીચે મુજબનું દાન મળ્યુ હતું.

| | |
|---|---|
| ૧૧,૧૧૧ | ધવલકુમાર મહેન્દ્રભાઇ પંચોલી તરફથી સ્વ. મહેન્દ્રભાઇ કાલીદાસ પંચોલીના સ્મરણાર્થે. |
| ૧૧,૧૧૧ | સુરત નિવાસી શ્રીમતિ મોનલબેન ચિરાગભાલ શાહ તરફથી ગં.સ્વ. જયોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલીની સ્મૃતિમાં |
| ૫૦૦૧ | શ્રી મહેશભાઇ વિનોદચંદ્ર પંચોલી-સમારંભ પ્રમુખ સ્થાનેથી |
| ૧૦૦૧ | તેજ નવિનચંદ્ર પંચોલી-અતિથિવિશેષ સ્થાનેથી |
| ૧,૧૧૧ | શ્રીમતિ પદમાબેન રામુભાઇ પંચોલી તરફથી ૭૯મી વર્ષગાંઠ નિમિત્તે.. |
| ૧૧૦૦ | જયેન્દ્રભાઇ ચુનિલાલ પંચોલી-યુ.કે. |
| ૫૦૧ | ગં.સ્વ. ચંપાબેન નટવરલાલ પંચોલી-યુ.કે. |
| ૨૦૧ | શ્રી જયંતિભાઇ મિસ્ત્રી-મુંબઇ |
| ૧૫૦૦૦ | લેસ્ટર યુ.કે. નિવાસી શ્રી બિપીનભાઇ પંચોલી તરફથી માતૃશ્રી રમણગૌરી તથા પિતાશ્રી દલપતરામ ગાંડાભાઇ પંચોલીની સ્મૃતિમાં ફોટા સ્કીમમાં |

ઉપરોકત દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર....

## પંચોલી પ્રગતિ પરિવાર-રાજપીપલા

શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલાની સામાન્ય સાધારણ સભા તા. ૨૮.૦૫.૨૦૧૭ને રવિવારના રોજ રાજપીપલા મુકામે શ્રી પંચોલી જ્ઞાતિની વાડીમાં મળી હતી. પરિવારના કુલ ૪૧ સભ્યો પૈકી ૨૦ સભ્યો હાજર રહ્યા હતાં.

શ્રી પંચોલી પ્રગતિ પરિવારના કાયમી સભ્યશ્રી અગમશરણ ધીરજલાલ પંચોલી તથા કાયમી સભ્યશ્રી મનહરલાલ ગોવિંદભાઇ પંચોલીનું અવસાન થતા તથા રાજપીપલાના દિવંગત જ્ઞાતિજનોને શ્રદ્ધાંજલી અર્પવા પોતાના સ્થાન પર ઉભા થઇ બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પી. પરિવારના આ બે સ્વર્ગસ્થ કાયમી સભ્યોના આત્માને શાંતિ મળે અને સદ્દગતના કુટુંબીજનોને આ આઘાત સહન કરવાનું બળ પ્રદાન કરે તે માટે પરિવાર ઇશ્વરને પ્રાર્થના કરતો ઠરાવ પસાર કર્યો હતો.

તા. ૧૩.૧૨.૨૦૧૫ની સાધારણ સભાની મિનિટ્સ પરિવારના દરેક સભ્યોને મોકલી હોય વાંચી જાણીને બહાલી આપી.

સંસ્થાના હિતાર્થે એજન્ડા/મિનિટ્સ વિગેરેની ઝેરોક્ષ કઢાવેલ તેના પોષ્ટેજ ખર્ચ, સ્ટેશનરી અંગેના રૂા. ૭૮૦/- ખર્ચ થયેલ તે બીલો મંજુર કરવામાં આવ્યા અને કન્વીનરશ્રીએ ચુકવ્યુ તેની બહાલી આપી.

કાયમી સભ્યશ્રી અગમશરણ અને કાયમી સભ્યશ્રી મનહરલાલને પરિવાર તરફથી શ્રદ્ધાંજલી જાહેરાત પંચોલી નવયુગમાં સામેલ તેના બીલ રૂા. ૮૦૦/- મંજુર કરી તેનું પેમેન્ટ કન્વીનરશ્રીએ કરેલ તેની બહાલી આપી.

તા. ૧૩.૧૨.૨૦૧૫ના રોજ જ્ઞાતિના બાળકોને ઇનામ વિતરણના દિવસે જ્ઞાતિજનો માટે પ્રીતિભોજન રાખેલ તે અંગે રૂા. ૨૩,૦૦૫/- ખર્ચ થયેલ તે મંજુર કરેલ ચુકવણાને બહાલી આપી.

પરિવારના આવક-જાવકનો સને ૨૦૧૫ સુધીના હિસાબો મંજુર કર્યા. તા. ૩૧.૧૨.૨૦૧૫ના રોજ દરેક હેડની મળી કુલ મુડી રૂા. ૧૦,૪૨,૪૧૦/- રહી તેની નોંધ લીધી.

વર્ષ ૨૦૧૭ના વર્ષમાં મળનાર સંભવીત વ્યાજની આવકની હેડવાઇઝ ફાળવણી કરી.

કાયમી સભ્યશ્રી કૃષ્ણકાંત શાંતિલાલ મપારા સને

૨૦૧૬માં ૬૦ વર્ષ વટાવી સીનીયર સીટીઝન થયેલ હોવાથી તેઓનું કન્વીનરશ્રીએ સાલ ઓઢાડી તથા મંત્રીશ્રીએ પુષ્પગુચ્છ અને ગાયત્રી સાહિત્ય આપી સન્માન કર્યુ.

કાયમી સભ્યશ્રી અગમશરણનું અવસાન થતા તેઓના નોમીની સાધશરણ એ. પંચોલીને કાયમી સભ્ય તરીકે નિયુકત પત્ર આવતા કન્વીનરશ્રીએ શ્રી સાધશરણ પંચોલીને કાયમી સભ્ય બનાવ્યા તેની સભાએ નોંધ લીધી તેમજ શ્રી સાધશરણ પંચોલીએ તેમનાં નોમીની તરીકે શ્રી અનુરાગ એસ. પંચોલીની નિયુકિત કરવા આપેલ પત્ર અને બંધારણની કલમ ૩૦ અનુસાર બાહેધરી પત્ર આપેલ તે સંબધની પણ સભાએ નોંધ લીધી.

પરિવારના ઠરાવ નં. ૧૯ તા. ૧૬.૧૨.૨૦૧૪ અનુસાર હોદેદારોની મુદત તા. ૩૧.૧૨.૨૦૧૬ના રોજ પુરી થતાં નવા હોદેદારો નિમવાના હોય સભાએ હાલના હોદ્દેદારોને તા. ૦૧.૦૧.૧૭થી ત્રણ વર્ષ માટે નિયુકત કરી ચાલુ રાખવા નકકી કર્યુ.

પરિવારના ઠરાવ નં. ૮ તા. ૧૩.૧૨.૨૦૧૫ અનુસાર શ્રી નરેન્દ્રભાઇ એસ. મપારા સીનીયર સીટીઝન બનતા તેઓના નિવાસસ્થાને જઇ સાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું.

પરિવારના ઠરાવ નં ૯ મુજબ તા. ૧૩.૧૨.૨૦૧૫ અનુસાર લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરેલ હોય અને ૫૦ વર્ષ પુર્ણ કરેલ નથી તેવા શ્રી અગમશરણ પંચોલી, શ્રી દત્તુભાઇ પંચોલી, શ્રી દિનબંધુ પંચોલી, શ્રી પ્રવિણભાઇ પંચોલી, શ્રી નરેન્દ્રભાઇ મપારા, શ્રી કિશોરભાઇ સી. પંચોલી, શ્રી દિનેશકુમાર એન. પંચોલી(રાજપીપલા), શ્રી ગૌતમભાઇ પંચોલી હયાત દંપતિઓના નિવાસ સ્થાને જઇ સાલ ઓઢાડી પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું તેની સભાએ નોંધ લીધી.

શ્રી દિનેશકુમાર એન. પંચોલી(રાજપીપલા) શ્રી કિશોરભાઇ સી. પંચોલી, શ્રી ધર્મેન્દ્રભાઇ આર. પંચોલીનું તેઓના નિવાસ સ્થાને જઇ ચાંદી મુદ્રા તથા પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું તેની સભાએ નોંધ લીધી.

કાયમી સભ્ય શ્રી વિજયકુમાર મપારાએ તેઓના નોમીની મયુર વિજયકુમાર મપારાને બદલે નોમીની તરીકે ચિરાગ વિજયકુમાર મપારાની નિયુકિત કરતો પત્ર આપેલ તે પત્રની નોંધ લીધી.

શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલા તેમની વાર્ષિક મિટિંગ સાથે ઇનામ વિતરણ કાર્યક્રમ રાખે છે ત્યારે ભોજન વ્યવસ્થા શ્રી પંચોલી પ્રગતિ પરિવાર રાજપીપલા કરે છે. ઉપરોકત કાર્યક્રમમાં જન સંખ્યા કેટલી હાજર રહેશે તેના અંદાજ સંબંધમાં પરિવારે કરેલ ઠરાવ નં. ૧૮ તા. ૨૯.૧.૨૦૧૭ સુધીમાં શ્રી પંચોલી સેવા મંડળ રાજપીપલાને ઘટતો નિર્ણય લેવા ઠરાવેલ.

પરિવારનું ચેરેટી કમીશ્નરની કચેરીમાં રજીસ્ટેશન સત્વરે થાય તેની કાર્યવાહી કરવા કન્વીનરશ્રી, મંત્રીશ્રી અને કાયમી સભ્યશ્રી જયેશભાઇ સી. પંચોલીને સોંપવામાં આવી.

બાદ કોઇ કામ બાકી ન રહેતા કન્વીનરશ્રીએ હાજર રહેવા સભ્યોનો આભાર માની સભા વિસર્જન કરી.

**પંચોલી સમાજ, વડોદરા**

૨૫૧ બોડેલી નિવાસી શ્રીમતિ હિરણબેન અને શ્રી મુકેશભાઇ એ. પંચોલીની ૩૯મી મેરેજ એનીવર્સરી નિમિત્તે

૨૫૧ વડોદરા (બોડેલી) શ્રી મુકેશભાઇ એ પંચોલી તરફથી પૌત્ર નિવાનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે...

પંચોલી સમાજ વડોદરા દાતાનો આભાર માને છે....

**પંચોલી સમાજ, સંખેડા**

૧૦૦૧ સ્વ. પંચોલી સવિતાબેન ચીમનલાલ ના સ્મરણાર્થે હ. પ્રવિણચંદ્ર ચીમનલાલ પંચોલી

૧૦૦૧ પંચોલી ચીમનલાલ ચુનીલાલ તરફથી હાલ વડોદરા-જબુગામવાલા

૧૧૦૧ પંચોલી જયંતિભાઇ શનાભાઇ ના સુપુત્ર ચિ. રીકીનના શુભલગ્ન નિમિત્તે.

પંચોલી મહિલા મંડળ સંખેડાને સંખેડા નિવાસી મીનાબેન (દાદી) અને શ્રી ઠાકોરભાઇ(દાદા) તરફથી પૌત્ર આરવની વર્ષગાંઠ નિમિત્તે..

પંચોલી સમાજ સંખેડા દાતાનો આભાર માને છે....

**પંચોલી સમાજ, અમદાવાદ**

સુરત નિવાસી શ્રી પાર્થ પંચોલી દિલ્હી આર્કિટેક ફેસ્ટીવલમાં યોજાયેલ નેશનલ અર્બન.. ભારતમાંથી ૭૪૨ એન્ટ્રી આવેલ તેમાં આર્ટિસ્ટ કેટેગરીમાં પાર્થ પંચોલીનો સ્કેચ 'આઝાદનામુ' પ્રથમ સ્થાને આવેલ.. ટ્રોફી અને સર્ટી મળેલ છે. અમદાવાદ દ્વારા બુકેથી સન્માન્યા....અભિનંદન

ચિ. રિદ્ધિ નીરજકુમાર પંચોલી ડ્રોઇંગ કોમ્પીટીશનમાં એફ.એમ. દ્વારા યોજેલ ૯૪.૩ દ્વારા યોજેલ ૧૫,૦૦૦ એન્ટ્રી માંથી તેઓનું ચિત્ર કેલેન્ડર માટે પસંદ થયું. કેલેન્ડર માર્ચ-૨૦૧૭ના પેજ પર છપાયું છે.. સી.એમ દ્વારા બહુમાન કરાયું.

શ્રી પંચોલી સમાજ અમદાવાદ દ્વારા બુકેથી સન્માન કરાયું... અભિનંદન..

ચિ. નેહા નિરજકુમાર પંચોલીને દ્રોણાચાર્ય એવોર્ડ (બેસ્ટ ટીચર ઇન પ્રાયમરી સ્કૂલ) તરફથી અર્પણ થયો... શ્રી પંચોલી સમાજ અમદાવાદ તરફથી બુકેથી સન્માન્યા...

અભિનંદન....

## આપણું ગૌરવ





ચિ. રિદ્ધિ નીરજકુમાર પંચોલી ડ્રોઇંગ કોમ્પીટીશન માં એફ.એમ. દ્વારા યોજેલ ૯૪.૩ દ્વારા યોજેલ ૧૫,૦૦૦ એન્ટ્રી માંથી તેઓનું ચિત્ર કેલેન્ડર માટે પસંદ થયું. કેલેન્ડર માર્ચ-૨૦૧૭ના પેજ પર છપાયું છે.. સી.એમ દ્વારા બહુમાન કરાયું.

ચિ. રિદ્ધિએ અમદાવાદ એકમ એમના સ્વજનો અને સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યું છે..... રિદ્ધિની પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ....

## પરિણયની પગદંડી પર..



વડોદરા નિવાસી શ્રીમતિ ઉષાબેન અને શ્રી મધુસુદન રમણલાલ પંચોલીના સુપુત્ર ચિ. શાશ્વતના શુભલગ્ન ગઢબોરીયાદ નિવાસી શ્રીમતિ સોનલબેન તથા શ્રી રાજેશભાઇ રમણલાલ પંચોલીની સુપુત્રી ચિ. ઋજુલ સાથે તા. ૧૯.૦૧.૨૦૧૭ના રોજ થયા.



સંખેડા નિવાસી શ્રીમતિ સુમિત્રાબેન અને શ્રી જયંતિભાઇ શનાભાઇ પંચોલીના સુપુત્ર ચિ. રીકીનના શુભલગ્ન વ્યારા (સોનગઢ) નિવાસી શ્રીમતિ આશાબેન તથા શ્રી નરેશભાઇ જમનાદાસ પંચોલીની સુપુત્રી ચિ. શ્વેતા સાથે તા. ૨૬.૧૧.૨૦૧૬ના રોજ થયા.

# મહિલા સમાચાર

### પંચોલી મહિલા મંડળ સંખેડા

સંખેડા નિવાસી મીનાબેન (દાદી) અને શ્રી ઠાકોરભાઇ(દાદા) તરફથી પૌત્ર આરવની વર્ષગાંઠ નિમિત્તે..

### તેજસ્વીની મહિલા મંડળ, વડોદરા

તા. ૧૭.૨.૨૦૧૭ના રોજ માંજલપુર ખાતે શ્રી તેજસ્વીની મહિલા મંડળની એક મિટિંગ મળી. પ્રમુખ શ્રીમતિ સુરેખાબેન તથા શ્રીમતિ લીનાબેને બહેનોને આવકાર્યા. લીનાબેનની શ્રીનાથજીની પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. શિવરાત્રી નિમિત્તે પ્રસંગો કહ્યા. લકી ડ્રો કરવામાં આવ્યો જેમાં સપનાબેન લકી બન્યા. દિવંગત આત્માઓની શાંતિ માટે મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પી.

વન મિટિંગનો અહેવાલ સપનાબેને વાંચી સંભળાવ્યો. ચાલુમાસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વીશ કરવામાં આવી. આજરોજ નવયુગ કવીઝની સ્પર્ધા કરવામાં આવી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે લીનાબેને સેવા આપી.. બીજી ગેમ પણ રમાડવામાં આવી. જેમાં પ્રથમ આનંદીબેન અને દ્વિતીય વિજેતા સુરેખાબેન થયા. હાઉસી રમ્યા. અંતે વિજેતાઓને ઇનામો આપી નવાજ્યા.

લીનાબેને ઓરીફલેમ મેકઅપની ટીપ્સ આપી. અને સપનાબેન પર પ્રેક્ટીકલ કરીને બધાને સમજવ્યા..

હવે પછીની મિટિંગ આનંદીબેનના ઘરે રાખવાનું નક્કી કરવામાં આવ્યું. લીનાબેન પરિવારનો આભાર વ્યક્ત કરી ભાજીપાવ, સલાડ દુધીનો હલવાને ન્યાય આપી સૌ છુટા પડ્યા.

### અંકલેશ્વર મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૨૧.૧.૨૦૧૭ના રોજ ભરૂચ ખાતે જ્યોતિબેન ચેતનભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. સમૂહમાં પ્રાર્થનાથી કરવામાં આવી. ગત મિટિંગનો અહેવાલ વાંચવામાં આવ્યો. નવયુગનું વાંચન કરવામાં આવ્યું. આ માસમાં આવતી વર્ષગાંઠ અને એનીવર્સરી વિશ કરી ગીફ્ટ આપી શુભેચ્છાઓ પાઠવી.

વન મિનિટગેમ રમ્યા. જેમાં ૫૦ વર્ષ નીચેમાં હેતલ પરેશભાઇ પંચોલી અને ૫૦ વર્ષ ઉપરમાં દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી વિજેતા થયા.

૫૦ જ્યોતિબેન ચેતનભાઇ પંચોલી-મિટિંગ નિમિત્તે
૫૦ ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી-એનીવર્સરી નિમિત્તે
૫૦ અનુરાધાબેન મનુભાઇ મિસ્ત્રી -બર્થડે નિમિત્તે
૫૦ ભાવના મલય મિસ્ત્રી એનીવર્સરી નિમિત્ત.
૫૧ હંસાબેન પંચોલી-બર્થડે નિમિત્તે.
૫૦ સાધનાબેન પંચોલી-બર્થડે નિમિત્તે.
૫૦ ગાયત્રીબેન - બર્થડે નિમિત્તે.
૫૦ મીનાબેન છગનભાઇ મિસ્ત્રી-બર્થડે નિમિત્તે.

તા. ૨૧.૧.૨૦૧૭ના રોજ સંગીતાબેનને ત્યાં રમતગમત સ્પર્ધા સાથે મિટિંગ રાખવાનું નક્કી કરી અલ્પાહારને ન્યાય આપી છુટા પડ્યા....

તા. ૨૧.૧.૨૦૧૭ના રોજ સંગીતાબેન રમણભાઇ પંચોલીના નિવાસ સ્થાને મિટિંગ મળી. પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરી. આજે ટવીન્સ ડે રાખવામાં આવ્યો હોય બધી બહેનો પેરમાં મેચિંગ વસ્ત્રો પરિધાન કરી આવી હતી. પ્રથમ પ્રાર્થનાથી મિટિંગની શુભ શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ ગત મિટિંગનો અહેવાલ વાંચવામાં આવ્યો હતો. આજરોજ રમત ગમત સ્પર્ધા હોવાથી સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી. જેમાં

સોયદોરો સ્પર્ધા : પ્રથમ જાગૃતીબેન ગોપાલભાઇ પંચોલી અને દ્વિતીય જ્યોત્સનાબેન બાબુભાઇ

પંચોલી...
રૂમાલ પર ચાંદલા : પ્રથમ કેતકીબેન જેસલભાઇ અને દ્વિતીય જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી
લીબું ચમચી : શીલાબેન નિતિનભાઇ અને દ્વિતીય જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલી
ડોલમાં બોલ : પ્રથમ : સંગીતાબેન રમણભાઇ પંચોલી અને દ્વિતીય નીતાબેન રાજેશકુમાર પંચોલી વિજેતા બન્યા.

આ માસમાં આવતી બર્થડે અને મેરેજ એનીવર્સરી વીશ કરવામાં આવી અને બર્થ ડે નિમિત્તે ગીફ્ટ આપી શુભેચ્છાઓ પાઠવી.

૫૦ બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલી-બર્થડે નિમિત્તે.
૫૦ નીપાબેન મૌલિકભાઇ મિસ્ત્રી-એનીવર્સરી નિમિત્તે.

અંતમાં આગામી મિટિંગ તા. ૧૧.૨.૨૦૧૭ના રોજ રોઝ ડે અને શીઘ્ર વકૃત્વ સ્પર્ધા તથા જ્યોત્સનાબેન બાબુભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવાનું નકકી કરવામાં આવ્યું. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ જ્યોત્સનાબેન બાબુભાઇ પંચોલીને ત્યાં રાખવામાં આવી હતી. રોઝ ડે નિમિત્તે એ મુજબના વસ્ત્રો પહેરી બહેનો આવી હતી. સમુહ પ્રાર્થનાથી શરૂઆત કરવામાં આવી. ગત મિટિંગનો અહેવાલ મંત્રી શ્રીમતિ બિનીતાબેને વાંચી સંભળાવ્યો. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરીની શુભેચ્છાઓ પાઠવી. અને પ્રમુખશ્રીમતિ મીનાબેન છગનભાઇ મિસ્ત્રીના વરદ હસ્તે ગીફ્ટ આપી શુભેચ્છાઓ પાઠવી.

આજરોજ શીઘ્ર વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી જેના નિર્ણાયક તરીકેની સેવા શ્રીમતિ બિનીતાબેન તથા શ્રીમતિ નીતાબેન પંચોલીએ આપી હતી. પ્રમુખશ્રી માનાબેને એમનું સ્વાગત કરી બહુમાન કર્યુ. સ્પર્ધામાં ઘણી બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રથમ શીલાબેન નિતિનભાઇ પંચોલી અને દ્વિતીય દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી વિજેતા થયા હતા. વિજેતા બહેનોને મંડળ તરફથી મીનાબેનના વરદ હસ્તે ઇનામો આપી નવાજ્યા.

૫૧ જ્યોત્સનાબેન પંચોલી-એનીવર્સરી નિમિત્તે.
૫૦ બિનીતાબેન પંચોલી-એનીવર્સરી નિમિત્તે
૫૦ શીલાબેન પંચોલી-એનીવર્સરી નિમિત્તે.
૧૦૦ ગીતાબેન રાજેશભાઇ મિસ્ત્રી-વર્ષગાંઠ અને એનીવર્સરી નિમિત્તે.

આગામી મિટિંગ તા. ૪.૩.૨૦૧૭ના રોજ સ્નેહાબેન પારસભાઇ મિસ્ત્રી, અંજની હાઇટસ, માનવ મંદિર પાસે જી.આઇ.ડી.સી. મુકામે પ્રોજેકટ મુજબ એકપાત્રિય અભિનય રાખવાનું નકકી કરવામાં આવ્યું. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

**પ્રગતિ મહિલા મંડળ-વ્યારા**

તા. ૫.૦૨.૨૦૧૭ના રોજ પંચોલી વાડી ખાતે રાખવામાં આવી હતી. પ્રથમ પ્રમુખશ્રીમતિ બેલાબેને સૌને આવકાર્યા. આ માસમાં શીવરાત્રી આવતી હોય કુસુમબેને શીવસ્તુતિ કરી. બેલાબેને સરપ્રાઇઝ ગેમ રમાડી. જેના વિજેતા શ્રીમતિ આનંદીબેન ભરતભાઇ પંચોલી બન્યા.

મંત્રીશ્રીમતિ રીનલબેને ચાલુ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરીની શુભેચ્છાઓ પાઠવી.

આજરોજ આનંદમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના નિર્ણાયક તરીકે પરવીનબેન દોરડીએ સેવા આપી હતી. ઉપરોકત સ્પર્ધાના વિનેતા પ્રથમ : પ્રવિણાબેન હર્ષદભાઇ મિસ્ત્રી અને દ્વિતીય અલ્પાબેન નિલેશભાઇ બન્યા. અને બે આશ્વાસન ઇનામ બેલાબેન તરફથી જાહેર કરવામાં આવ્યા. આવતા માસની મિટિંગ તા. ૨૬.૦૩.૨૦૧૭ના રોજગાર્ડનમાં રાખવાનું નકકી કરવામાં આવ્યું. આનંદીબેને સમાજ સુરક્ષા યોજનાના સભ્ય થવા માટેની સમજણ આપી હતી. અંતમાં આનંદમેળાની મઝા લઇ સૌ છુટા પડયા.

# સુચના

હવેથી નીચે આપેલ ઈમેલ પર મેલ કરવા

**: Email :**

**pancholinavyug@gmail.com**

## નવયુગ શુભેચ્છક

## અગીયારમી પૂણ્યતિથિએ
## હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. રમાબેન બાલુભાઈ પંચોલી – લેસ્ટર યુ.કે.**
**જન્મ : ૨૬.૩.૧૯૫૧ અવસાન ૧૨.૩.૨૦૦૬**

તમારો ધાર્મિક વૃત્તિવાળો માયાળુ સ્વભાવ,
કૌટુંબીક ભાવના, પ્રેમ અને તમારા આદર્શ ગુણો અમે જીવનમાં ભુલી શકીશુ નહીં. તારી હિંમત અને સહનશીલતા વાળુ જીવન અમારા જીવન માટે એક સંદેશ છે.
તમારા જેવા ફુલો ખરે છે અને એની સુવાસ મુકી જાય છે.
તમે જ્યાં હો ત્યાં તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના......


### અર્પણકર્તા

*શ્રી બાલુભાઈ જીણાભાઈ પંચોલી*
*શ્રી શૈલેષ બાલુભાઈ પંચોલી*
*શ્રીમતિ મનિષા શૈલેષ પંચોલી*

*આયવંત ડી'કોષ્ટા પ્રીતિ ડી'કોષ્ટા*
*ચિ. મેઈસી*

15 Locke Avenue, Leicester, LE4 - 7RZ (U.K.)
Tel : 0116 - 2681475


## એક વાર જાવુ હરિના ધામમાં



રાજપીપલા-યુ.એસ.એ નિવાસી ચંદુલાલ સોમાભાઇ પંચોલી (રાધાસ્વામી) તા.૦૧.૦૧.૨૦૧૭ ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. ૯૫



વડોદરા નિવાસી અરવિંદલાલ રમણલાલ પંચોલી તા.૧૩.૦૨. ૨૦૧૭ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. ૫૮



શ્રી પંચોલી જ્ઞાતિ પંચ નવસારીના પૂર્વ પ્રમુખ શ્રી દિનેશભાઇ જમનાદાસ મિસ્ત્રી તા. ૧૨.૦૨. ૨૦૧૭ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. ૭૦



સુરત નિવાસી ચંદ્રવદન નવનીતલાલ પંચોલી તા.૨૩.૦૨. ૨૦૧૭ના રોજ હરિના ધામમાં ગયા. ઉ.વ. ૭૪

સદ્દગતના આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના....
એમના સ્વજનો પર આવી પડેલ આઘાત સહન કરવાની
પ્રભુ શકિત અર્પે એજ પ્રાર્થના



# ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૧૦૧/- વડોદરા નિવાસી શ્રીમતિ કુસુમબેન તથા શ્રી કનુભાઇ સી પંચોલી તરફથી પૌત્રી ચિ. નવ્યાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૦૧/- વડોદરા નિવાસી શ્રીમતિ કુસુમબેન તથા શ્રી કનુભાઇ સી પંચોલી તરફથી પુત્રી ડી. તેજલબેનની પાંચમી પૂણ્યતથિ નિમિત્તે.

રૂા. ૧૦૧/- સંખેડા નિવાસી શ્રી ઠાકોરભાઇ નટવરલાલ પંચોલી તરફથી આરવની ૫મી વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૨૦૦/- સુરત નિવાસી શ્રીમતિ નયનાબેન શ્રી બિપીનભાઇ જમનાદાસ પંચોલી તરફથી પૌત્ર શૈલની વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૨૫૦/- બોડેલી નિવાસી શ્રીમતિ હિરણબેન તથા શ્રી મુકેશભાઇ એ. પંચોલી તરફથી ષષ્ઠીપૂર્તિ(૬૦મી વર્ષગાંઠ) નિમિત્તે.

રૂા. ૨૫૦/- બોડેલી નિવાસી શ્રીમતિ હિરણબેન તથા શ્રી મુકેશભાઇ એ. પંચોલી તરફથી પૌત્ર નિવાનની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૨૫૦/- ગણદેવી નિવાસી શ્રીમતિ વૈશાલીબેન તથા શ્રી ચિન્તુકુમાર ભગુભાઇ મિસ્ત્રી તરફથી ૨૦મી મૈરેજએનીવર્સરી નિમિત્તે.

રૂા. ૨૫૦/- ગણદેવી નિવાસી શ્રી ચિન્તુકુમાર ભગુભાઇ મિસ્ત્રી તરફથી નૂતન ગૃહપ્રવેશ નિમિત્તે.

રૂા. ૧૫૧/- સુરત(બુહારી) નિવાસી શ્રીમતિ અલકાબેન તથા શ્રી અનિલકુમાર બાલુભાઇ પંચોલી તરફથી લગ્નજીવનની ૨૫ મી એનીવર્સરી નિમિત્તે..



## હેપી મેરેજ એનીવર્સરી

સુરત(બુહારી) નિવાસી શ્રીમતિ અલકાબેન તથા શ્રી અનિલકુમાર બાલુભાઇ પંચોલી
તા. ૨૦.૦૨.૨૦૧૭ના રોજ લગ્નજીવનના ૨૫ વર્ષ પૂર્ણ કરે છે.....
સમગ્ર પંચોલી સમાજ
લગ્નજીવનની એનીવર્સરીએ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે...

નવયુગ શુભેચિંતક શ્રી સંજીવ પંચોલી વડોદરા શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

શ્રીમતિ કલાબેન દિનેશચંદ્ર પંચોલી વડોદરા શ્રી મહેન્દ્રભાઇ પરસોત્તમદાસ પંચોલી વડોદરા

**Book-Post**

**Printed Book**

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**